*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

❀ મહાવીર–નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ ❀

# આત્મધર્મ

[ ૩૬૬ ]

પધારો વીર પ્રભુ ભગવાન



હરખે વધાવે છે ગુરુ કહાન

શ્રી પરમાગમ–મંદિરમાં અત્યંત ભક્તિપૂર્વક ગુરુદેવ,
મહાવીરપ્રભુની પ્રતિમા પર અંકન્યાસવિધિ કરી રહ્યા છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, ચૈત્ર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક નં. ૬

# ❁ મહાવીરભગવાનનો મહોત્સવ કેવી રીતે ઊજવવો ? ❁

અખિલ ભારત, ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણમહોત્સવસમિતિ દિલ્હી તરફથી, તીર્થક્ષેત્રોની ફિલ્મ ઉતારવા માટે પ્રવાસ કરી રહેલા ભાઈઓ, ગતમાસમાં સોનગઢ આવેલા; તેમણે સોનગઢની ફિલ્મ ઉતારી, તેમજ મહાવીર ભગવાનના નિર્વાણમહોત્સવ સંબંધી ગુરુદેવ (કાનજીસ્વામી) નો સંદેશ લીધો. ગુરુદેવે સંદેશમાં જે કહ્યું તે સમસ્ત જૈનસમાજને માટે ઉપયોગી માર્ગદર્શક હોવાથી અહીં આપીએ છીએ.

મહાવીર ભગવાને ભેદવિજ્ઞાનવડે મોક્ષદશા પ્રાપ્ત કરી છે, અને જગતને માટે પણ તેમણે ભેદવિજ્ઞાનનો જ સન્દેશ આપ્યો છે. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્યતત્ત્વ છે; શરીર અચેતન છે અને રાગાદિભાવો દુઃખદાયક આસ્રવ છે; તે બંને અત્યંત ભિન્ન છે. આ પ્રમાણે આત્મા અને આસ્રવોની ભિન્નતા જાણીને, જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવી તે જ જૈનશાસનમાં મહાવીર ભગવાનનું ફરમાન છે.

આવું ભેદવિજ્ઞાન કરવું અને તેનો પ્રચાર કરવો, તે જ મહાવીર ભગવાનનો નિર્વાણ-મહોત્સવ ઉજવવાની સાચી રીત છે.

જીવે શુભ-અશુભ ભાવો તો અનંતવાર કર્યા છે; પરંતુ જૈનશાસનમાં ભગવાને શુભરાગને તો પુણ્ય કહ્યું છે, અને મોહ વગરના શુદ્ધ ચેતના-પરિણામને જ ધર્મ કહ્યો છે. ભગવાન કુંદકુંદસ્વામી પણ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે જઈને આ જ સન્દેશ લાવ્યા હતા. જગતના જીવો તીર્થંકરના આવા સન્દેશને પામીને આત્મહિત કરો.

તીર્થંકર ભગવંતો જ્યાંથી મોક્ષ પધાર્યા એવા સમ્મેદશિખર, ગીરનાર, પાવાપુરી વગેરે તીર્થની યાત્રા કરતાં તે ભગવંતોનું સ્મરણ થાય છે; એવા તીર્થોની યાત્રા, મુનિઓનું બહુમાન, તથા સાધર્મીઓમાં પરસ્પર પ્રેમ-વાત્સલ્યનો પ્રચાર થાય, અને જગતના જીવો વીતરાગ-વિજ્ઞાન પામીને આત્મહિત કરે,-એ જ નિર્વાણ મહોત્સવનું પ્રયોજન છે.

જૈનસમાજમાં બધા લોકો સાથે મળીને ભક્તિ-ઉલ્લાસપૂર્વક મહાવીર ભગવાનનો નિર્વાણ-મહોત્સવ ઊજવે-એ સારી વાત છે.

– जय महावीर

❀ આત્મધર્મ ❀

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
વર્ષ ૩૧
અંક ૬

વીર સં. ૨૫૦૦
ચૈત્ર
ઈ. સ. 1974
APRIL



# આનંદથી ઉજવીએ-પ્રભુના મોક્ષનો મહોત્સવ

મહાવીર ભગવાનનું નામ લેતાં પણ જૈનમાત્ર એક અનેરી ઊર્મિ અનુભવે છે; મહાવીર–એક તો અમારા ભગવાન, બીજું એમના નિર્વાણનું અઢીહજારમું વર્ષ, અને વળી તે નિમિત્તે અમે અમારા પ્રભુની વાત લખીએ–એ કેવી મજાની આનંદની વાત છેઃ–આવી અંતરની ઊર્મિથી ૧૮૦ જેટલા જિજ્ઞાસુઓએ મહાવીરપ્રભુ સંબંધી નિબંધ લખી મોકલ્યા છે. ભાઈઓ ને બહેનો સૌએ હોંશથી ભાગ લીધો છે, ને એક–એકથી ચડિયાતા લખાણો લખ્યા છે,–તે માટે સૌને ધન્યવાદ! જાણે કે મહાવીર પ્રભુજી સામે જ હાજર હોય, મુક્તિમાર્ગ બતાવતા હોય, ને પોતે તે પંથે જઈ રહ્યા હોય–એવી ઉર્મિલશૈલીની આ નિબંધમાળા આ અંકથી આત્મધર્મમાં શરૂ થાય છે; તે આપને જરૂર ગમશે...ને પ્રભુના મોક્ષનો ઉત્સવ ઉજવતાં આનંદ થશે.

(નિબંધ લખનારાઓને ધન્યવાદ સાથે ‘મહાવીર–ચંદ્રક’ ઇનામ મોકલવાનું કામ ચાલુ છે; કેટલાક મોકલાય છે, ને બીજા બધા પણ વૈશાખ સુદ બીજ પહેલાં મોકલાઈ જશે. મહાવીરપ્રભુ સંબંધી નવીન લખાણો સ્વીકારવાનું ચાલુ છે. – સં.)

# મોક્ષગામી મહાવીર ભગવાનની ઓળખાણથી આપણને થતો મહાન લાભ

## ૨૫૦૦ મા મહાવીર નિર્વાણ મહોત્સવ નિમિત્તે લખાયેલ નિબંધ (૧)

(એમ. કે. જૈન, સોનગઢ)

ભગવાન મહાવીર પરમાત્મા મોક્ષદશાને પામ્યા, તેથી મારા આત્માને શું થયું? અહા, આત્માના જ્ઞાન–આનંદમય મોક્ષપદનો જેણે નિર્ણય કર્યો, એટલે કે રાગથી અત્યંત રહિત એવી આત્માની પૂર્ણ શુદ્ધ સિદ્ધદશા, તેમજ જ્ઞાનની પૂર્ણદશારૂપ કેવળજ્ઞાન, –તે રૂપે થનાર આત્મા જગતમાં છે એવો જ્યાં નિર્ણય કર્યો ત્યાં પોતાના આત્માના પૂર્ણ શુદ્ધસ્વભાવનો પણ નિર્ણય થયો, એટલે પોતે પણ તેવા પૂર્ણાનંદ તરફ પગલાં માંડયા. આ રીતે 'પ્રભુજી! તારા પગલે પગલે મારે આવવું રે' એવા ભાવપૂર્વક મહાવીર ભગવાનની સાચી ઓળખાણ થાય છે, ને તેમાં મોક્ષમાર્ગનો મહાન લાભ છે. કેવળજ્ઞાનનો ને સિદ્ધપદનો જેણે નિર્ણય કર્યો, તેણે પોતાના આત્મામાં કેવળજ્ઞાનની ને સિદ્ધપદની શરૂઆત કરી...મોક્ષમાર્ગની શરૂઆત કરી. અતીન્દ્રિયભાવે આત્માને જાણીને જ સર્વજ્ઞ પરમાત્માની સાચી ઓળખાણ ને સ્તુતિ થઈ શકે છે.

સર્વજ્ઞનો નિર્ણય કરતાં એવો નિર્ણય પણ તેમાં ભેગો જ આવી જાય છે કે, મારા આત્મામાં પૂર્ણ જ્ઞાન ને આનંદ પ્રગટવાનો સ્વભાવ ભર્યો છે; રાગ મારું સ્વરૂપ નથી કે અલ્પજ્ઞતા જેટલો હું નથી. આમ સ્વભાવ સામર્થ્યનો સ્વીકાર થતાં તે તરફનો અપૂર્વ ઉલ્લાસ આવે છે–એટલે નિઃશંક થઈને પરિણતિ તે–રૂપ પરિણમી જાય છે, ને રાગથી ભિન્નતા થઈ જાય છે. આવી ભેદજ્ઞાનદશા તે ભગવાનને ઓળખવાનો મહાન અપૂર્વ લાભ છે...આત્મપ્રાપ્તિનો ઇષ્ટ લાભ છે.

મહાવીર ભગવાન! આપ સર્વજ્ઞ થયા...અહો નાથ! આપ કઈ રીતે સર્વજ્ઞ થયા? –અંતરની ચૈતન્યશક્તિના અવલંબને આપ સર્વજ્ઞ થયા, ને અમને પણ એ માર્ગ બતાવ્યો;

–તે જ આપની પ્રસન્નતા ને કૃપા છે. આપે બતાવેલા માર્ગને જાણીને હું પણ તે જ માર્ગે ચાલ્યો આવું છું, –એ જ આપની સાચી ભક્તિ છે. આવી ભક્તિપૂર્વક મોક્ષના માર્ગે ચાલનાર કહે છે કે મારા ઉપર ભગવાન પ્રસન્ન થયા, તેમની મહેરબાનીથી મારા ભવભ્રમણનો અંત આવ્યો. પ્રભો! તારા માર્ગને પામીને મેં અનાદિના રાગાદિ પરભાવોનો સાથે છોડી દીધો, ને અનંત તીર્થંકરોનો સાથ લઈને મોક્ષમાર્ગમાં ગમન કર્યું. પ્રભો! આપને ઓળખ્યા પછી હવે અંતરના જ્ઞાનમાં આપને સાથે રાખીને જ અમે સિદ્ધપદને સાધીએ છીએ. આપના માર્ગે મોક્ષને સાધતાં અમને ઘણો જ આનંદ થાય છે...આપના માર્ગે ચાલતાં હવે અમારી સાધનામાં ભંગ પડવાનો નથી.

અહો, ધન્ય છે આપના માર્ગને! કેવો સુંદર છે આપનો માર્ગ! રાગનો મેલ જેમાં નથી એવો સુંદર, વીતરાગતાથી શોભતો માર્ગ આપે પ્રકાશ્યો છે. હે મહાવીર પ્રભુ! આપ અત્યારે ભલે ભરતક્ષેત્રમાં નથી, અઢી હજારવર્ષથી આપ સિદ્ધપદમાં બિરાજો છો, તો પણ આપનો મંગલ માર્ગ તો અહીં શોભી જ રહ્યો છે, ને એ માર્ગમાં અમે ભવ્યજીવો આપના પગલે પગલે આવી રહ્યા છીએ. ક્ષેત્રથી આપ ભલે દૂર રહ્યા પણ અમારા જ્ઞાનથી આપ જરાય દૂર નથી, જ્ઞાનમાં તો આપ સાક્ષાત્ હાજરા હજુર વિદ્યમાન છો...તેથી અમને આપનો વિરહ નથી–નથી.

પ્રભો! મોક્ષનો માર્ગ તો અનાદિથી ચાલુ જ હતો, પણ અમે અત્યારસુધી એ માર્ગ જોયો ન હતો, અમે માર્ગ ભૂલ્યા હતા, હવે આપના શાસનમાં શ્રીગુરુઓએ અમને એ માર્ગ બતાવ્યો, ઉન્માર્ગથી પાછા વાળીને વીરનાથના વીતરાગમાર્ગમાં ચઢાવ્યા. અહા! આવા માર્ગમાં આવતાં જે આનંદ થાય છે–તેની શી વાત! મહાવીરનો માર્ગ એ ખરેખર આનંદનો માર્ગ છે.

પ્રભો! આપના માર્ગને ઓળખીને આપને અમે નમ્યા, તો હવે જૈનમાર્ગ સિવાય બીજે ક્યાંય અમારું ચિત્ત નમવાનું નથી, બીજા કોઈ માર્ગ પ્રત્યે અમારું ચિત્ત લલચાવાનું નથી; પ્રભુ! તારા માર્ગને પામીને હવે અમારે જગત સાથે કાંઈ પ્રયોજન રહ્યું નથી.

ભક્ત કહે છે કે–વીરપ્રભુના માર્ગને પામીને અમે વીરપ્રભુના વારસદાર બન્યા, તો હવે મોક્ષ તરફની અમારી પરિણતિને કોણ છે રોકનાર? ‘બાપ જેવા બેટા’ હોય છે, તો વીરપ્રભુ અમારા ધર્મપિતા, તે વીરપ્રભુનો વારસો લેવા માટે, વીર થઈને અમે આત્માને સાધશું ને મહાવીર બનશું,–તેમાં કોઈ અમને રોકનાર નથી. આત્માની રુચિ અને હકારના બળથી વીર થઇને મોક્ષમંડળીમાં અમારે ભળી જવાનું છે.

ભગવાન મહાવીર, અશરીરી પૂર્ણ જ્ઞાન–આનંદને તો કેવળજ્ઞાન થયું ત્યારથી પામ્યા હતા. અઢીહજાર વર્ષ પહેલાં આસો વદ અમાસે પાવાપુરીથી પ્રભુ અશરીરી સિદ્ધપદ પામ્યા. ઇન્દ્રોએ અને રાજાઓએ દીપ–માળ પ્રગટાવીને નિર્વાણનો મોટો મહોત્સવ કર્યો.....એટલે કે મોક્ષપદનું બહુમાન કર્યું 'મોક્ષનો સાચો ઉત્સવ તો આત્મામાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયના આનંદ દીવડા પ્રગટાવીને થાય છે. અને એવા દીવડા આત્મામાં જેણે પ્રગટાવ્યા તેણે જ ભગવાન મહાવીરને, અને તેમના માર્ગને ઓળખ્યા છે. સાદિ–અનંતકાળના મહાન સુખનો લાભ–તે ઓળખાણનું ફળ છે.

સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન–જ્ઞાન અનંત સહિત જો.

–અહો! આવું અદ્‌ભુતાદભ્દુત સુખ પ્રભુની ઓળખાણથી પમાય છે. ચેતનસ્વરૂપે પ્રભુના આત્માને ઓળખતાં પોતાના આત્મામાં અનંતગુણનો મધુરો ચૈતન્યરસ એકસાથે વેદનમાં આવે છે....આત્મા એકદમ શાંત–શાંત સ્વભાવે પરિણમી જાય છે. પૂર્વે કદી ન અનુભવેલી શાંતિ તેમાં અનુભવાય છે.

પ્રભો! ચેતનભાવે આપને ઓળખતાં ખબર પડી કે અમે પણ તમારા જ કુળના (ચેતનસ્વરૂપ) છીએ. રાગથી ભિન્ન પડીને મોક્ષને સાધવા નીકળ્યા, તે હવે પાછા ન ફરીએ તે અમારા તીર્થંકરોના કૂળની ટેક છે; મોક્ષને સાધવો તે અમારા કૂળનો વટ છે....પ્રભુ! તારા માર્ગમાં આવ્યા, હવે અપ્રતિહતપણે અભૂતપૂર્વ એવું કેવળજ્ઞાન લીધે જ છૂટકો. 'વીરના લઘુનંદન' અમે પણ વીર છીએ. (નાનું પણ સિંહનું બચ્ચું!)

જે જાણતો અરહંતને ગુણ–દ્રવ્યને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

વીરનિર્વાણના આ અઢીહજારમા મંગલવર્ષમાં આત્માની પ્રાપ્તિ થાય, અનુભૂતિ થાય, એના જેવો બીજો કોઈ લાભ જગતમાં નથી. ચૈતન્યની અપૂર્વ શાંતિમાં આવવાનો વીરપ્રભુનો હુકમ છે; એ જ વીરનું શાસન છે. અહા, વીરશાસનમાં બતાવેલો આત્મા તો અતીન્દ્રિયઆનંદનો મોટો પહાડ છે, તેમાં ઊંડે ઊતરતાં પરમ શાંતરસનું વેદન થાય છે. –એના મહિમાનું શું કહેવું? આ આત્માની કીર્તિ જગતમાં ત્રણેકાળ ફેલાયેલી છે, ચૈતન્યતત્ત્વ સર્વત્ર વિજયવંત વર્તે છે. અનંત ગંભીર ભાવોથી ભરેલું આવું જ્ઞાનતત્ત્વ હું છું, જ્ઞાનને મારા જ્ઞાનમાં જ જોડીને હું મને જ્ઞાનપણે અનુભવું છું –આ જ વીરનાથની

સાચી ઉપાસના છે ને આ જ મુક્તિનો મહોત્સવ છે, આ જ દીવાળીની મંગલ બોણી છે. અહા, આત્માને આનંદનો લાભ થાય–એના જેવી ઉત્તમ બોણી બીજી કઈ હોય? ભગવાનના શાસનમાં આનંદમય સમતારસનું પાન કરીને આત્મા તૃપ્ત–તૃપ્ત થાય છે. ભગવાન ભેટયા....હવે ભવ કેમ હોય? ભગવાન અને ભક્તની એવી સંધિ છે કે ભક્ત પણ અલ્પકાળમાં ભગવાન થઈ જાય છે. બસ, ભગવાન થવા માટે, વીરપ્રભુના આ અઢીહજારમા મંગલવર્ષમાં અમારા આત્મામાં મોક્ષમાર્ગના મંગળ દીવડા પ્રગટો–એવી વીરપ્રભુની આશીષ લઉં છું. વીરપ્રભુ જેવું અમારું જીવન બનો.

**卐 જય મહાવીર 卐**

卐 卐 卐 卐 卐

# સ્વર્ગ મળવું સહેલું છે, મનુષ્યપણું મોંઘું છે

ઘણા લોકો સ્વર્ગના દેવની વાત સાંભળે ત્યાં આશ્ચર્ય પામે છે, પણ ભાઈ! એ સ્વર્ગ કાંઈ આશ્ચર્યકારી વસ્તુ નથી, તું પોતે અનંતવાર ત્યાં જઈ આવ્યો છો. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક જ અવતાર થાય; બીજી રીતે કહીએ તો જીવોમાંથી અસંખ્યજીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે માત્ર એક જીવ મનુષ્યમાં અવતરે. આવું મોંઘું મનુષ્યપણું છે; ને દેવપણું તો તેના કરતાં અસંખ્યગણું સસ્તું છે.

આત્માના અજ્ઞાનથી ચારગતિમાં ભમતા જીવે સૌથી વધુ ભવ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિમાં કર્યાં છે; તે ઉપરાંત મનુષ્ય, નરક અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યાં છે; તેમાંય મનુષ્ય કરતાં નરકનાં, ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગુણા કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકના કરે ત્યારે એક અવતાર મનુષ્યનો મળે; આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે. ને આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો દુર્લભ મનુષ્ય અવતાર અને વીતરાગી જૈનધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા, ને આત્માની ઓળખાણ વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવદુઃખનો અંત કર.

ॐ

જય સીમંધર–મહાવીર–શાંતિનાથ–નેમિનાથ

# રાજકોટ શહેરના પ્રવચનોની પ્રસાદી

## ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર સુદ ૧૪

ગુરુદેવે ચૈત્ર સુદ એકમની સવારમાં સોનગઢમાં સીમંધરપ્રભુના દર્શન કરીને સવારે ૮ વાગે રાજકોટમાં સીમંધરપ્રભુનાં દર્શન કર્યા...અહા! જીવનમાં સર્વત્ર જિનવરદેવ સાથે ને સાથે જ છે. રાજકોટમાં મંગળ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા છે, તે મંગળ છે, તેમાં પરભાવનું કર્તા–ભોક્તાપણું નથી. આવું જ્ઞાન તે રાગથી છૂટું પડેલું વિશુદ્ધજ્ઞાન છે.

આવા સર્વવિશુદ્ધજ્ઞાનનો આત્મામાં પ્રવેશ થાય એટલે કે આત્મામાં આવી જ્ઞાનદશા પ્રગટે તે અપૂર્વ મંગળ છે. જ્ઞાનભાવ અપૂર્વ અતીન્દ્રિય આનંદ સહિત છે, તેને પોતાના આનંદવેદનમાં કોઈ દેવ–ગુરુના રાગનોય આશરો નથી. રાગાદિના કર્તા–ભોક્તાપણાનો નાશ કરીને તે જ્ઞાન પ્રગટયું છે.

સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે આનંદસ્વરૂપ ચૈતન્યતત્ત્વ છે તેને શોધવા જીવ જ્યાં અંતરમાં જાય છે ત્યાં તેને રાગનું કર્તૃત્વ છૂટી જાય છે. રાગના વેદનવડે ભગવાન આત્મા જણાય નહિ.–પછી તે રાગ દેવ–ગુરુ તરફનો હોય, –પણ જ્ઞાનમાં તો તે રાગના કર્તૃત્વનો નાશ થઈ ગયો છે.

જુઓ, સોનગઢમાં હમણાં જે પરમાગમની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો, તે પરમાગમ આ વંચાય છે. તે પરમાગમમાં કહેલું ભાવશ્રુતજ્ઞાન કેવું છે તે ઓળખતાં આત્મામાં ભાવ–પરમાગમની સ્થાપના થાય છે. ચૈતન્યના અનુભવના મશીનથી ધર્મીના આત્મામાં ભાવશ્રુત–પરમાગમ કોતરાઈ ગયાં છે. એનો આત્મા પોતે જ્ઞાનપૂંજપણે પ્રગટયો

છે. એની અનુભવ-વાણી એ જ પરમાગમ છે. ધ્રુવતત્ત્વનું ધ્યેય જેણે બાંધ્યું તે ધર્મી જીવને ભવ હોતા નથી; કદાચ એકાદ બે ભવ હોય તો તે ચૈતન્યની આરાધના સહિતના જ હોય છે, આરાધના પૂરી કરીને તે અલ્પકાળમાં મોક્ષ પામે છે. -આ રીતે મોક્ષનું માંગળિક કર્યું.

( સમયસાર-સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારઃ કળશઃ ૧૯૩ )

પ્રભુ! તેં કદી નહીં સાંભળેલી, કદી નહીં જાણેલી, કદી નહીં અનુભવેલી વાત સંતો તને આ સમયસાર પરમાગમમાં દેખાડે છે; અહો, આવા વીતરાગી પરમાગમ સોનગઢમાં પરમાગમમંદિરમાં કોતરાઈ ગયાં છે. ખાસ મશીનથી આરસમાં અક્ષરોની આવી કોતરણી ભારતમાં પહેલવહેલી જ છે. ગુરુદેવ પરમાગમમંદિરનો મહિમા કરતાં કહે છે કે અહો, એ પરમાગમ-મંદિર જોવા જેવું છે...ભારતમાં તે અજોડ છે. અંદરમાં, તે પરમાગમના વાચ્યરૂપ આત્મા છે તે અજોડ છે, તેની રુચિના સંસ્કાર પાડીને તેનો અનુભવ કરવા જેવું છે. આવા અનુભવ વગર કોઈ વિષયોમાં સુખ માને કે કોઈ શુભરાગમાં ધર્મ માને-એ બધાય મિથ્યામાર્ગમાં છે. બાપુ! તારું ચૈતન્યતત્ત્વ જ્ઞાનપુંજ છે, તેનો અનુભવ કરતાં રાગનાં પડદા તૂટી જાય છે, ચૈતન્યપુંજમાં રાગાદિનું કર્તા-ભોક્તાપણું રહેતું નથી. આનંદની લહેરસહિત ભગવાન આત્મા અનુભવમાં પ્રગટ થાય છે, -એનું નામ સમ્યગ્દર્શન છે. અંદર આવા આત્માની હવા આવે ત્યાં તો આખું ધ્યેય પલટી જાય છે. જગતના જીવો તેને કાલો કહે કે ઘેલો કહે, પણ એને જગતની દરકાર નથી, તે તો અંદર આનંદની લહેરનો સ્વાદ લેતો લેતો મોક્ષના માર્ગમાં પ્રભુના પંથે ચાલ્યો જાય છે. જગત એને ક્યાંથી ઓળખશે? બાપુ! આત્માના ભાન વગર ક્ષણેક્ષણે જગતના જીવો મોહથી મરી રહ્યા છે. એની તો જીંદગી આત્માના જ્ઞાન વગર નિષ્ફળ ચાલી જાય છે. આત્મજ્ઞાનપૂર્વક દેહ છૂટે તેનો અવતાર સફળ છે. દેહથી ભિન્ન ચૈતન્યના ભાનપૂર્વક દેહ છૂટયો, તે હવે અશરીરી સિદ્ધપદને પામશે.

સમ્યગ્દર્શન થતાં અનુભૂતિમાં આત્માના આનંદનો જે સ્વાદ આવ્યો તેના દ્વારા ધર્મી પોતાના પૂર્ણાનંદસ્વભાવને શ્રદ્ધામાં લ્યે છે....કે અહા! આવા આનંદથી આખુંય ભરેલું મારું સત્ત્વ છે. આવા સ્વાદનો નમૂનો ચાખ્યા વગર એકલા અનુમાન દ્વારા તેને જાણી શકાય નહિ. સ્વસંવેદનવડે નમૂનો ચાખે ત્યારે જ આખો સ્વભાવ કેવો છે તેની ખરી ખબર પડે. અહા, જેના એક અંશમાં આટલો આનંદ! ને આટલી શાંતિ! તેના પૂરા સ્વભાવની શી વાત! આવા સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાનપરિણતિરૂપે જે આત્મા પરિણમ્યો, તે આત્મા પોતાની તે શુદ્ધ જ્ઞાનપરિણતિમાં તન્મય છે, એટલે રાગાદિભાવોમાં

તે તન્મય નથી, તેથી તેને રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી.

જેટલો શુદ્ધભાવ પ્રગટયો તેની અપેક્ષાએ તેને વિકારનું અકર્તા–અભોક્તાપણું છે; પણ હજી પર્યાયમાં સાધકને જેટલા રાગાદિ બાધકભાવો છે તેટલું કર્તા–ભોક્તાપણાનું અશુદ્ધ પરિણમન છે, ને તેટલો પોતાનો અપરાધ છે એમ પણ ધર્મી જાણે છે. એક આત્માના પરિણમનમાં, એકસાથે શુદ્ધતા ને અશુદ્ધતા, એકસાથે અકર્તાપણું ને કર્તાપણું, એકસાથે સુખ ને દુઃખ,–એ વાત અંતર્દ્રષ્ટિના અનેકાંતન્યાય વડે જ સમજાય તેવી છે. અહો, આત્મતત્ત્વ આશ્ચર્યકારી છે કે એક તરફથી જોતાં તે એકલા શાંત ચૈતન્યરસમાં જ લીન દેખાય છે, ને બીજા તરફથી તેમાં અશાંતિ પણ દેખાય છે.

જો એકલી શાંતિ જ હોય, ને અશાંતિ સર્વથા હોય જ નહિ તો પૂર્ણદશા થઈ ગઈ, એટલે સાધકદશા ન રહી, નય પણ ન રહ્યા.

જો પોતાની પર્યાયમાં એકલી અશાંતિ જ દેખાય, ને શાંતિ જરાય ન વેદાય, તો ત્યાં સાધકદશા જ નથી, ત્યાં તો અજ્ઞાનદશા છે; તેને પણ સાચા નય હોતાં નથી.

સાધકદશા જ એવી વિચિત્ર છે કે જેમાં એક સાથે શાંતિ અને અશાંતિ બંને ભાવો વર્તે છે, ને સાચા નયથી ધર્મી તેને બરાબર જાણે છે. મારી પરિણતિ મોહથી મલિન છે એમ પણ તે જાણે છે, ને મોહ વગરના સમ્યક્ત્વાદિ શુદ્ધભાવો પણ પ્રગટયા છે–તેને પણ ધર્મી જાણે છે. અને તે બંને ભાવોનું વેદન પણ પોતાની પર્યાયમાં છે. જ્યારે શુદ્ધજ્ઞાનપરિણામ સાથે આત્માને અભેદ કરીને જોવામાં આવે છે ત્યારે તેમાં રાગાદિ કોઈ ભાવોનું કર્તા–ભોક્તાપણું નથી. આવી અનુભૂતિને 'સર્વવિશુદ્ધજ્ઞાન' કહેવાય છે, અને તે મંગળ છે.

## પરમાગમમાં વીતરાગરસનાં અમૃત વરસી રહ્યા છે

રાજકોટમાં ગુરુદેવના પ્રવચનમાં સવારે સમયસારનો સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર વંચાતો હતો, ને બપોરે પંચાસ્તિકાયની ૧૭૨ મી ગાથા વંચાતી હતી. એકકોર જ્ઞાનરસનું ઘોલન, ને બીજીકોર વીતરાગતાના રસનું ઘોલન જિનવાણીમાંથી નીતરતું હતું. રાજકોટમાં એકસાથે બે ધોધ આવ્યા–એક તો પાણીનો ધોધ આવ્યો, ને બીજો જિનવાણીના અમૃતનો ધોધ આવ્યો...અશાંત તરસી જનતા તૃપ્ત–તૃપ્ત થઈ...અરે, અમૃતના સ્વાદ પાસે લોકો પાણીને તો જાણે ભૂલી ગયા...જુગજૂની અશાંતિ તો કોણ જાણે ક્યાં ભાગી

ગઇ! વાહ રે વાહ ચૈતન્યતત્ત્વ! જ્યાં તારા શાંતરસનું ઘોલન ચાલતું હોય, જ્યાં ધોધમાર શાંતરસ વરસતો હોય ત્યાં જગતનું કોઈ દુઃખ કેમ રહે? રાગ–દ્વેષમાં દુઃખ છે, વીતરાગતામાં તો મધુરી શાંતિ છે–

–તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે, તે ભવ્ય ભવસાગર તરે.

વાહ રે, વાહ! જુઓ તો ખરા કુંદકુંદપ્રભુની મીઠી વાણી! એકલો વીતરાગરસ એમાં નીતરી રહ્યો છે.

સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર કહો, કે પરમાગમનું તાત્પર્ય કહો, તે વીતરાગભાવ જ છે. ખરેખર વીતરાગપણું જ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં અગ્રેસર છે. અને તેની પાસે તો અરિહંતાદિનો રાગ તે પણ અંતરના દાહનું કારણ છે. –આમ સમજીને સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાત્મા, ચૈતન્યતત્ત્વના વીતરાગી અમૃતમાં લીન થઈને, સઘળા પ્રત્યેના સમસ્ત રાગને છોડે છે; એ રીતે દુઃખથી બળબળતા ભવસાગરને પાર કરીને તે ઉત્તમ મોક્ષસુખને અનુભવે છે.

અહો, આવું વીતરાગપણું જયવંત વર્તો. તે ત્રણલોકમાં સારરૂપ છે.

‘તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા. ’

અરિહંતાદિ પરદ્રવ્ય પ્રત્યેની ભક્તિનો જરાક પણ રાગ રહી જાય, તો તે સાક્ષાત્ મોક્ષને અંતરાય કરનાર છે–એમ આચાર્યદેવે ૧૭૧ મી ગાથામાં પ્રસિદ્ધ કર્યું છે. ને પછી આ ૧૭૨ મી ગાથામાં સમસ્ત રાગ છોડીને વીતરાગતાનો ઉપદેશ આપ્યો છે.

અરે, સૂક્ષ્મરાગ વડે પણ જીવની પરિણતિ કલંકિત થાય છે; રાગના અંગારામાં શેકાતો જીવ દુઃખી થાય છે. અરે, રાગમાં તે શાતિ કેમ હોય? રાગના સૂક્ષ્મવેદનને પણ ધર્મીજીવ દુઃખ અને બળતરા જાણે છે; –પછી ભલે તે રાગ ભગવાન પ્રત્યેનો હોય. અરે, આ વાત કોને બેસે? કે અંતરમાં રાગથી પાર ચૈતન્યની વીતરાગી શાંતિનો સ્વાદ જેણે ચાખ્યો હોય, તેને રાગમાં બળતરા અને દુઃખ જ લાગે. અરે, રાગ અને વીતરાગતાના સ્વાદ વચ્ચેનો તફાવત પણ જે ન જાણે તે રાગથી ભિન્ન ચૈતન્યશાંતિને ક્યાંથી અનુભવશે? અને એવા અનુભવ વગર પરમાર્થ–સિદ્ધભક્તિ પણ હોતી નથી.

પરમાર્થ સિદ્ધભક્તિ, કે જે મોક્ષનું કારણ છે તે કેવી છે? શુદ્ધાત્મતત્ત્વમાં લીન એવા શુદ્ધોપયોગ વડે રાગનો સર્વથા નાશ થાય છે, ને સર્વ રાગનો નાશ થતાં જીવને પરસંગ અને પરભાવ વગરની શુદ્ધ આત્મદશા પ્રગટે છે, તેનું નામ પરમાર્થ સિદ્ધભક્તિ છે, ને તેના વડે જીવ સિદ્ધિને પામે છે. સિદ્ધપ્રત્યેનો શુભરાગ તે કાંઈ પરમાર્થ સિદ્ધભક્તિ નથી; તે રાગ તો મોક્ષનો અંતરાય કરનારો છે.

તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની,
સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. (૧૬૯)

બાપુ! રાગનો પ્રેમ કરી કરીને તો અનંતકાળથી તું ભવસાગરમાં ગોથા ખાઈ રહ્યો છે ને ક્લેશમાં બળી રહ્યો છો. વીતરાગતાના અમૃતરસને એકવાર ચાખ....તો તને મોક્ષમાર્ગ હાથમાં આવે.

૦ મોક્ષને માટે વીતરાગતા કર્તવ્ય છે.

૦ વીતરાગતા માટે સ્વદ્રવ્યનો આશ્રય કર્તવ્ય છે.

૦ સ્વદ્રવ્યના આશ્રયે મોક્ષ છે, ને પરદ્રવ્યના આશ્રયે સંસાર છે.

૦ મોક્ષપ્રાભૃતમાં આચાર્યદેવ કહે છે કે–

પર દ્રવ્યરતને દુર્ગતિ, ઉત્તમ ગતિ સ્વદ્રવ્યથી;
એ જાણી નિજમાં રત બનો, વિરમો તમે પરદ્રવ્યથી.

અનંત તીર્થંકરોએ કહેલો, મોક્ષનો આ સત્યાર્થ ઇષ્ટ ઉપદેશ કુંદકુંદસ્વામીએ પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યો છે.

બાપુ! પરદ્રવ્યના આશ્રયે તો રાગ થશે, તે રાગનું વેદન તને શાંતિ નહીં આપે. (રાગ આગ દહે સદા, તાતેં, સમામૃત સેવીએ.) જેમ અગ્નિ છે તે દાહ ઉત્પન્ન કરનાર છે,–પછી તે અગ્નિ લીમડાના લાકડાનો હોય કે ચંદનના લાકડાનો હોય; ચંદનના લાકડાનો અગ્નિ પણ બાળે જ છે. તેમ રાગ તે જીવને બળતરા કરનાર છે,–પછી તે રાગ અશુભ હોય કે શુભ હોય; અરિહંતાદિ પ્રત્યેનો શુભ રાગ પણ જીવને અશાંતિનું જ કારણ છે. અરે બાપુ! પરદ્રવ્યના આશ્રયે તે કાંઈ શાંતિ હોય? અંદર તારું સ્વદ્રવ્ય અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલું છે તેમાં ઉપયોગને એકાગ્ર કરીને વિશ્રાંતિ લે; તેમાં જ પરમ શાંતિ છે, ને તે જ મોક્ષનું કારણ છે. મોક્ષને માટે તો સર્વે પ્રત્યેના સર્વ રાગનો સર્વથા ક્ષય કરવા જેવો છે. કોઇ પણ પ્રત્યેનો જરાય રાગ

મુમુક્ષુએ કર્તવ્ય નથી. અહો, પંચમકાળમાં વીતરાગરસનાં અમૃત જિનવાણીમાં વરસી રહ્યા છે.

ચૈતન્યના શાંત–અબંધસ્વરૂપનું જેને વેદન થયું તેને રાગભાવો બંધરૂપ જ લાગે છે. હજી જ્ઞાનીને રાગ થાય ખરો, પણ તે રાગના વેદનમાં તેને જરાય શાંતિ નથી લાગતી. રાગના કાળેય અંશે શુદ્ધ પરિણતિની શાંતિ તો તેને સદાય વર્તતી હોય છે. એકકોર ચૈતન્યના આનંદના ઉછાળા, ને બીજીકોર રાગનો ક્લેશ,–બંને સાથે રહેવામાં સાધકને વિરોધ નથી. ભક્તિ વગેરેનો રાગ આવે, વિકલ્પ આવે, પણ શાંતિના આધારે તે રાગ નથી, ને રાગના આધારે જરાય શાંતિ નથી; બંને સાથે હોવા છતાં તેઓ એકબીજાના આધારે નથી. એકમાં શુદ્ધસ્વતત્ત્વનો આશ્રય છે, ને બીજામાં પરદ્રવ્યનો આશ્રય છે. બાપુ સ્વદ્રવ્યના આશ્રયે વીતરાગતાનો નિર્ણય તો એકવાર કર. મોક્ષમાર્ગ વીતરાગભાવરૂપ જ છે; રાગરૂપ મોક્ષમાર્ગ નથી–આવા માર્ગની પ્રસિદ્ધિ ભગવાનના શાસનમાં જ છે. ને આવો માર્ગ તે જ ઇષ્ટ માર્ગ છે.

# મહાવીર પ્રભુનો દીક્ષા-કલ્યાણક

## ચારિત્ર આશ્રમમાં વીતરાગચારિત્રનો આનંદકારી મહોત્સવ

ફાગણ સુદ ૧૧: સોનગઢમાં ચાલી રહેલ ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં વીરપ્રભુની દીક્ષાનો કલ્યાણક પ્રસંગ દેખીને આંખો ધન્ય બની... આત્મા પાવન થયો.

લગ્ન કરવા માટે ત્રિશલામાતાજીએ ઘણું ઘણું મનાવ્યા છતાં તેનો અસ્વીકાર કરીને, ૩૦ વર્ષની વયે મહાવીરપ્રભુ મુનિ થયા. જાતિસ્મરણજ્ઞાન થતાં વૈરાગ્ય પામી સંસાર છોડયો; લૌકાંતિક દેવોએ તથા ઇન્દ્રોએ આવીને પ્રભુની દીક્ષાનો ઉત્સવ કર્યો. એ બધા દ્રશ્યો સવારમાં નીહાળ્યા; ત્યારપછી દીક્ષાપ્રસંગે વનગમન માટે પ્રભુની ભવ્ય સવારી નીકળી. જૈનધર્મનો આવો પ્રભાવ દેખીને લોકો સ્તબ્ધ બની જતા હતા. આજે બહારથી આવેલા યાત્રિકોની સંખ્યાનો અંદાજ એકવીસ હજાર જેટલો બોલાતો હતો. પ્રભુની દીક્ષાવિધિ સોનગઢના ચારિત્ર–આશ્રમમાં આવેલા એક સુંદર આમ્રવૃક્ષ નીચે થઈ હતી.

તીર્થંકર પ્રભુની દીક્ષાનો મહોત્સવ એટલે તો બસ! મોક્ષનો જ મહોત્સવ! ચારિત્રઆશ્રમના વિશાળ પ્રાંગણમાં નીચે–ઉપર અગાશીમાં કે ખોરડા ઉપર સર્વત્ર ઊભરાતી જનમેદની એમ પ્રસિદ્ધ કરતી હતી કે અવ્યક્તપણે પણ જગતને વીતરાગતા વહાલી છે. જ્યાં રાગ–દ્વેષની કોઈ વાત ન હતી એવો આ વીતરાગતાનો મહોત્સવ ૨૫–૩૦ હજાર માણસો ઉત્સુકતાથી નીહાળી રહ્યા હતા, તે એમ પ્રસિદ્ધ કરે છે કે વીતરાગતા જ સૌથી શ્રેષ્ઠ છે ને તે જ જગતને માટે ઇષ્ટ છે. આવી વીતરાગતારૂપ સમભાવને વીરપ્રભુએ આજે ધારણ કર્યો–તેમને તેવા જ ભાવથી અમારા નમસ્કાર છે.

⊙ ⊙ ⊙ ⊙ ⊙

પ્રભુના દીક્ષાપ્રસંગ બાદ તે દીક્ષાવનમાં જ વીતરાગી મુનિદશા પ્રત્યે અત્યંત ભક્તિથી ગુરુદેવે જે વૈરાગ્યભાવના વ્યક્ત કરી–તે અહીં વાંચીને આપનું ચિત્ર પણ વૈરાગ્યની શીતળ લહેરીઓની કોઈ અનેરી ઠંડક અનુભવશે.

## 卐 દીક્ષાવનમાં વૈરાગ્યરસઝરતું પ્રવચન 卐

ભગવાન મહાવીરપ્રભુના દીક્ષાકલ્યાણક પ્રસંગે પોતાની વૈરાગ્યભાવના મલાવતાં ગુરુદેવ કહે છે કે અહો! અમને એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? ક્યારે અમે બાહ્ય અને અંતરમાં નિર્ગ્રંથ થઇને તીર્થંકરોના મુનિમાર્ગમાં વિચરશું?

ભગવાનને આત્માનું જ્ઞાન તો પૂર્વે અનેક ભવથી હતું; આજે પ્રભુ સંસારથી વિરક્ત થઈને મુનિ થયા, ને દીક્ષા લઈને સ્વરૂપમાં અપ્રમત્ત શુદ્ધોપયોગી થઈને ઠર્યા. ત્યાં સાતમું ગુણસ્થાન પ્રગટયું, મનઃ પર્યયજ્ઞાન પ્રગટયું. અહો! જ્યાં શત્રુ–મિત્ર પ્રત્યે રાગ–દ્વેષ નથી, નિર્ભયપણે જંગલના વાઘસિંહ વચ્ચે પણ આત્માના ધ્યાનમાં લીનપણે અડોલ રહીએ–એવી ધન્ય દશા ક્યારે આવશે?

–આવી ભાવના કોણ ભાવે? જેણે ભિન્ન આત્માના ચૈતન્યના આનંદસ્વાદને ચાખ્યો હોય. દર્શનમોહનો નાશ કરીને દેહથી ભિન્ન ચિદાનંદતત્ત્વ જેણે અનુભવમાં લીધું છે–એવા ધર્મીજીવ તેમાં ઠરવાની ભાવના ભાવે છે. કોઈ નિંદા કરો કે પ્રશંસા કરો, તેનાથી અમારી હીનતા કે અધિકતા નથી. અમે તો રાગ–દ્વેષ રહિત અમારા ચૈતન્યના સમરસનું પાન કરશું. 'રાગ આગ દહે સદા, તાતેં સમામૃત સેઇએ. ' અમે તો અમારા ધ્રુવ ચિદાનંદસ્વરૂપમાં આસન લગાવીને વીતરાગપણે બેઠા છીએ–આવી અદ્‌ભુત યોગીદશા મુનિઓને હોય છે. સ્વર્ગનાં અમૃતભોજન પણ જેની પાસે તુચ્છ છે એવા

ચૈતન્યના અમૃતભોજન તો સમ્યગ્દૃષ્ટિનેય હોય છે, પણ મુનિપણામાં તો ઘણી વીતરાગી લીનતા થઈ જાય છે. એવી ધન્યદશા ભગવાન મહાવીરપ્રભુને આજે પ્રગટી.

સામે આમ્રવૃક્ષ નીચે મહાવીર–મુનિરાજ ધ્યાનમાં બિરાજી રહ્યા છે. ચારેકોર હજારો સભાજનો બેઠા છે. ને ગુરુદેવ સૌને અદ્‌ભુત ચારિત્રભાવનામાં ઝુલાવી રહ્યા છે. મહાવીરનાથની છાયામાં ચારિત્રના આશ્રમમાં બેઠાબેઠા ૨૫ હજાર ભવ્યજીવો મુનિદશાના અત્યંત મહિમાપૂર્વક શ્રીગુરુમુખેથી ઝરતા ચારિત્રના વીતરાગરસનું પાન કરી રહ્યા છે.

ગુરુદેવ કહે છે કેઃ જેને મોક્ષ પામવો હશે તેણે આવી ચારિત્રદશા અંગીકાર કર્યે જ છૂટકો છે. અહો, ચારિત્રમાં આનંદનું વેદન છે. માતાના પેટમાં પણ સમકિતી જીવને આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે; તે જ્યારે વૈરાગ્ય પામીને દીક્ષા લ્યે ને ધ્યાનમાં ઠરે–તે વખતના આનંદની શી વાત? તીર્થંકર ભગવાન દીક્ષાપ્રસંગે 'णमो सिद्धाणं' કહીને સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે. દીક્ષા પછી તરત નિર્વિકલ્પ ધ્યાનમાં અપ્રમત્તદશા પ્રગટે છે. વાહ, એ આનંદદશા એવી છે કે ઘોર ઉપસર્ગ કે પરિષહ વખતેય તે ડગતા નથી. આત્માના જ્ઞાન પછી ઘણી વીતરાગી સ્થિરતા વધી જાય ત્યારે આવી ચારિત્રદશા પ્રગટે છે; તેમાં અપાર શાંતિ છે. સમકિતીને ચોથા ગુણસ્થાનેય અતીન્દ્રિય શાંતિ તો છે, પણ મુનિદશામાં તો તે શાંતિ ઘણી જ વધી જાય છે, શાંતિની રેલમછેલ ચારિત્રદશામાં હોય છેઃ અહો! આવી ચારિત્રદશા અમને ક્યારે આવે!–એમ ધર્મી ભાવના ભાવે છે.

ચૈતન્યનું ધ્રુવધામ એવું સ્થાન છે કે જ્યાં આનંદ પાકે છે. અમારા અસંખ્ય પ્રદેશી ચૈતન્યક્ષેત્રમાં અતીન્દ્રિય આનંદના પાક પાકે છે. અમારો આત્મા જ આખો સુખધામ છે, પછી બીજાું શું કામ છે? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.'

અનંત તીર્થંકરો જે પંથે વિચર્યા તે પંથે અમે વિચરનારા છીએ. આત્માનો અકંપ –સ્વભાવ છે; આત્માના અનંતગુણોનો અંશ સ્વાનુભૂતિમાં પ્રગટે છે. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સહિત છે; તે શુદ્ધોપયોગી ચારિત્રદશા વખતે બહારમાં પણ દિગંબરદશા જ હોય છે એ વાત તો જગતમાં પ્રસિદ્ધ છે. આવા પ્રસિદ્ધ મુનિમાર્ગને આજે મહાવીર ભગવાને અંગીકાર કર્યો; પ્રભુ આજે પરમેષ્ઠીપદમાં બિરાજ્યા.

આવા મહાવીર મુનિરાજ પરમ–પ્રશાંતમુદ્રામાં ચારિત્રઆશ્રમમાં બિરાજી રહ્યા છે. ઠસોઠસ ભરાઇ ગયેલા ચારિત્રઆશ્રમમાં ૨૫–૩૦ હજાર ભવ્યજીવો પરમ ભક્તિપૂર્વક

ચારિત્રદશાને અનુમોદી રહ્યા છે. ખરેખર! ચારિત્રદશા જગતમાં સર્વશ્રેષ્ઠ છે–એ વાત વીરનાથમુનિરાજ મૌનપણે જગતમાં પ્રસિદ્ધ કરી રહ્યા છે.

વિશેષમાં એ પણ હર્ષની વાત છે કે સોનગઢમાં પ્રભુના દીક્ષાકલ્યાણકનો પ્રસંગ જ્યાં થયો તે સ્થાનનું નામ પણ 'રત્નાકર ચારિત્રાશ્રમ' છે. ખરેખર આ ચારિત્રનો જ આશ્રમ છે. જ્ઞાન–દર્શનપ્રધાન શુદ્ધોપયોગનો આશ્રમ કેવો અદ્‌ભુત–શાંત હોય તેનું તાદ્રશ વાતાવરણ અહીં દ્રશ્યમાન થાય છે.

સોનગઢમાં શ્વેતાંબર સમાજના ભાઈઓએ પોતાની ચારિત્રઆશ્રમ–સંસ્થાનો સદુપયોગ મહાવીરપ્રભુના દીક્ષાકલ્યાણક માટે કરવામાં સહકાર આપ્યો તે પણ એક ખુશીની વાત છે. દિગંબર જૈનસમાજનો આવો એક ભવ્ય કલ્યાણક મહોત્સવ શ્વેતાંબર જૈનસમાજની સંસ્થામાં ઉજવાય ને સુંદર સહકારભર્યું વાતાવરણ ફેલાય તે મહાવીરપ્રભુના આ ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ માટે એક ઘણી સારી નિશાની છે. સોનગઢના આ પ્રસંગને અનુસરીને ભારતભરમાં સર્વે તીર્થોમાં ને સર્વે ગામમાં આવું સહકારભર્યું વાતાવરણ ફેલાય–તો કેવું ઉત્તમ!!

ચારિત્રઆશ્રમમાં ભગવાનના ચારિત્રનો ધન્ય પ્રસંગ બનતાં ચારિત્રઆશ્રમ ખરેખર ચારિત્રનો આશ્રમ બન્યો. અહા, તીર્થંકરભગવાનની સાથે જાણે આપણેય ચારિત્રદશા લઇ લઇએ! એવી હૃદયોર્મિ ઊછળતી હતી–

**તસુ શુદ્ધ દર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**

**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને.**

આવી ઉત્તમ ભાવનાપૂર્વક ચારિત્રનો મહોત્સવ ઊજવીને ભક્તજનો જ્યારે પુનઃ નગરીમાં આવતા હતા ત્યારે મુખ્ય રસ્તાઓ ઉપરની ભીડ અપાર હતી. મહાવીરનાથને મુનિદશામાં દેખીદેખીને આનંદ અને આશ્ચર્ય સાથે એવો ભ્રમ થઇ જતો હતો કે આ શું? ફરીને ચોથોકાળ ક્યાંથી આવ્યો?

આજના દીક્ષાકલ્યાણક સાથે ભક્તોના આનંદની વૃદ્ધિ કરવા માટે જ જાણે ફાગણ સુદ ૧૧ આવી ગઇ. આજે પૂ. શ્રી શાંતાબેનનો જન્મદિવસ હતો, તેથી ગુરુદેવ તેમને ત્યાં આહારદાન માટે પધાર્યા હતા; પૂ. બેનશ્રી–બેન (બંને બહેનો)ના ઉપકારોને યાદ કરીને સમસ્ત ભક્તજનો ખુશી મનાવતા હતા.

બપોરે પૂ. ગુરુદેવના મંગલ હસ્તે જિનબિંબ ઉપર મંત્રના અંકન્યાસ–વિધિની

શરૂઆત થઈ. અહા, શી ભવ્ય પ્રતિમા છે! પરમાગમની ભવ્યતાને શોભાવે એવા વીરનાથ ભગવાનને દેખતાં હૃદયમાં વીતરાગતાની લહેરો ઉઠી રહી છે. અત્યારે પરમાગમમાં બિરાજમાન મહાવીરનાથની એ ભવ્ય જિનમુદ્રાસન્મુખ જોતાં જોતાં આ ઊર્મિઓ લખાઈ રહી છે. બહારથી તો પરમાગમમંદિર ભવ્ય લાગે જ છે–પણ અંદર આવીને જ્યારે તમે આ વીતરાગતાના પિંડ એવા મહાવીર ભગવાનને જુઓ ત્યારે જ તમને તેની ભવ્યતાનો ખરો ખ્યાલ આવે. (જેમ શુદ્ધાત્માને જાણે ત્યારે જ પરમાગમની ગંભીરતાનો સાચો ખ્યાલ આવે છે તેમ! શુદ્ધાત્માને જાણ્યા વગર કોઈ કહે કે મેં પરમાગમની ગંભીરતાને જાણી લીધી–તો તે શું સત્ય છે?–ના; તેમ વીરનાથ ભગવાનની સર્વજ્ઞતાને ઓળખ્યા વગર તેમની વાણીરૂપ પરમાગમને પણ ઓળખી શકાતા નથી. અહા! પરમાગમમાં પ્રભુસન્મુખ બેઠા છીએ ત્યારે ચારેકોર પરમાગમમાંથી વીતરાગરસની મધુરી લહેરીઓ આવી રહી છે. આવા વીતરાગી વાતાવરણ વચ્ચે, વીતરાગતાના સાધક ગુરુએ, વીતરાગદેવ ઉપર પવિત્ર અંકન્યાસ લખ્યા...ને એ દેખીને પૂ. બેનશ્રીબેન વગેરે સૌએ અત્યંત પ્રસન્નતાથી ભક્તિ અને જયજયકારથી પરમાગમમંદિરને ભરી દીધું.

અહા! જાણે કે વીરનાથના સમવસરણમાં બેઠા છીએ ને તેમની દિવ્યધ્વનિના પડઘા પરમાગમ મંદિરમાં ચારેકોર સંભળાઈ રહ્યા છે...એવી મધુરી રચના પરમાગમની થઈ ગઈ છે. એક વખત આવીને શાંતિથી તમે પરમાગમમંદિરમાં પ્રભુસન્મુખ બેસશો ત્યારે જ તમને તેની વિશેષતાનો ખ્યાલ આવશે–જેમ ચૈતન્યશાંતિની ગંભીરતાનો ખ્યાલ તેમાં પ્રવેશ્યા પછી જ આવે છે તેમ.

ફાગણ સુદ ૧૨ ના રોજ મહાવીર–મુનિરાજ આહારચર્યા માટે પધાર્યા અને તીર્થંકર–મુનિરાજને આહારદાન કરાવવાનો ધન્યપ્રસંગ ભાઈશ્રી ચંદ્રકાન્ત હરિલાલ દોશીને ત્યાં થયો હતો. આ મહાન લાભથી તેમના કુટુંબીજનોને ઘણો જ આનંદ થયો હતો. કહાનગુરુએ પણ મુનિરાજને પરમ ભક્તિથી આહારદાન દીધું હતું. અહા, અમારા સોનગઢમાં દિગમ્બર મુનિરાજ પધારે, ને તેમને આહારદાનનો લાભ મળે–એ તો ધન્ય પ્રસંગ છે! આવી અત્યન્ત ઊર્મિથી આહારદાન કરી રહેલા કહાનગુરુની મુનિભક્તિ દેખીને હજારો ભક્તો આનંદિત થયા હતા બપોરે વીરપ્રભુને કેવળજ્ઞાન થયું, ઇન્દ્રોએ કેવળજ્ઞાનની પૂજા કરી. અહો, વીરપ્રભુ સર્વજ્ઞ થયા...અરિહંત થયા તેમને નમસ્કાર હો.

# ❀ કરશું.... અને નહીં કરીએ ❀




૧. જ્યાં જિનમંદિર હશે ત્યાં હંમેશાં દર્શન કરીશ.
૨. આત્મહિત માટે હંમેશાં જૈનશાસ્ત્રનું વાંચન કરીશ.
૩. જૈનમાર્ગનું જ પરમ ભક્તિથી સેવન કરીશ.

૧. રાત્રે કદી ખાઈશ નહીં.
૨. અણગળ પાણી પીશ નહીં.
૩. લૌકિક સિનેમા જાઇશ નહીં.

બંધુઓ તથા બહેનો! આપણે સૌએ વીરપ્રભુના આ અઢીહજારમા નિર્વાણ–મહોત્સવમાં (વીર. સં. ૨૫૦૦ તથા ૨૫૦૧ ની દીવાળી સુધી) ઉપરના છ બોલનું જરૂર પાલન કરવાનું છે તે માટે નીચેમુજબ સ્વીકૃતિપત્ર આપ વેલાસર પોસ્ટકાર્ડમાં લખી મોકલો; આળસ કરશો નહીં.

---

મહાવીરપ્રભુના અઢીહજારમા નિર્વાણમહોત્સવ નિમિત્તે આત્મધર્મમાં સૂચવેલા છ બોલનું હું પાલન કરીશ. ને વીરપ્રભુના માર્ગમાં આત્મહિત સાધીશ.

લીઃ પૂરું નામ, ઉંમર તથા ગામ.

---

નાના–મોટા સૌને ભાગ લેવા નિમંત્રણ છે. દીવાળી પહેલાં અઢીહજારથી વધુ સ્વીકૃતિપત્ર આવી જવાની ખાતરી છે. સ્વીકૃતિપત્ર લખી મોકલનારનાં નામ વૈશાખ માસમાં છાપીશું. સરનામું – સંપાદક આત્મધર્મઃ સોનગઢ (૩૬૪૨૫૦)

# 卐 ઇન્દ્રસભા ( ૧ ) 卐

સોનગઢમાં પરમાગમમંદિર પ્રતિષ્ઠામહોત્સવ–પ્રસંગે પંચકલ્યાણકના પ્રથમ દ્રશ્યમાં ઇન્દ્રસભા થઈ હતી. પ્રભુ શ્રી મહાવીર ભગવાનનો આત્મા પૂર્વભવમાં અચ્યુતસ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાં બિરાજમાન હતો. તે વખતની ઈન્દ્રસભામાં કેવી ચર્ચા થઈ ? તે આપ અહીં વાંચશો; ને જાણે આપણે પણ ઇન્દ્રસભામાં બેઠા બેઠા પ્રભુના શ્રીમુખથી તે ચર્ચા સાંભળતા હોઇએ–એવો આનંદ થશે. )

૧. ઇન્દ્ર–દેવો, આપણે ઘણી વખત આ ઇન્દ્રસભામાં આત્માના અનુભવની ચર્ચા કરીએ છીએ, અને ઘણીવાર મધ્યલોકમાં તીર્થંકરભગવાનના કલ્યાણક ઉજવવા માટે જઈએ છીએ. આજે ફરીને ભરતક્ષેત્રમાં જવાનો મંગલપ્રસંગ આવ્યો છે. તેના અત્યંત આનંદદાયક સમાચાર હું તમને સંભળાવું છું.

૧. ઇન્દ્રાણી–કહો મહારાજ ! શા સમાચાર છે ?

૧ ઇન્દ્ર–સાંભળો દેવો ! આપણા સ્વર્ગમાં બિરાજમાન આ દેવેન્દ્ર, છ માસ પછી ભરતક્ષેત્રના વૈશાલીનગરમાં ચોવીસમા મહાવીર તીર્થંકરપણે અવતરશે.

૨ ઇન્દ્ર–અહો, ધન્ય હો ધન્ય હો ! આપણને તીર્થંકરદેવના કલ્યાણક ઉજવવાનું મહાન ભાગ્ય પ્રાપ્ત થશે. તીર્થંકરનો આત્મા તો ત્રિકાળ મંગળ છે.

૨ ઇન્દ્રાણી–વાહ, એવા મંગળરૂપ આત્માને ઓળખતાં આપણને પણ સમ્યક્ત્વાદિ મંગળ ભાવની પ્રાપ્તિ થાય છે.

૩ ઇન્દ્ર–અહા, અત્યારે પણ એવા મંગળ આત્મા, આપણી આ સભામાં સાક્ષાત્ બિરાજી રહ્યા છે.

૩ ઇન્દ્રાણી–હા, બરાબર છે ! આ હોનહાર મહાવીર તીર્થંકરની સાથે આપણે અસંખ્ય વર્ષ સુધી રહ્યા, ને તેમના શ્રીમુખથી આત્માનો અદ્ભુત મહિમા સાંભળીને ઘણા દેવો સમ્યગ્દર્શન પામ્યા.

૪ ઇન્દ્ર–પણ હવે તો ફક્ત છ મહિના જ તેઓ આપણા આ અચ્યુતસ્વર્ગમાં રહેવાના છે. તો છ મહિના આપણે તેમના શ્રીમુખથી આત્માના અનુભવની ચર્ચા સાંભળવાનો લાભ લઇએ.

૪. ઇન્દ્રાણી–હા દેવ તમારી વાત ઉત્તમ છે. આવા ધર્માત્માનો સંગ જગતમાં ઉત્તમ છે. તે કોઈ મહા ભાગ્યે જ મળે છે. માટે તેનો લાભ લેવો જોઈએ.

૫ ઇન્દ્ર–પ્રભો, આત્માની અનુભૂતિનું સ્વરૂપ શું છે ? તે કહો.

( અચ્યુતસ્વર્ગમાં બિરાજમાન મહાવીર પ્રભુનો જીવ જવાબ આપે છે– )

* અહો, અનુભૂતિની ગંભીરતા અદ્ભુત છે. હવે દેવો સાંભળો !

**આત્મસ્વભાવં પરભાવભિન્નં, આપૂર્ણમાદ્યંત-વિમુક્તં એકં;**
**વિલીન સંકલ્પ-વિકલ્પજાલં, પ્રકાશયન્ શુદ્ધનયોભ્યુદેતિ.**

પરદ્રવ્યથી ને પરભાવથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ તે સમ્યગ્દર્શન છે.

૫ ઇન્દ્રાણી–પ્રભો, આવું સમ્યગ્દર્શન કયારે પમાય ?

* જીવને જ્યારે પોતાના સ્વરૂપની સાચેસાચી લગની લાગે છે, ને આત્મશાંતિની ખરેખરી ધગશ જાગે છે ત્યારે, તે રાગાદિ અશાંત ભાવોને અને ચૈતન્યની શાંતિને અત્યંત જુદા જાણે છે, ને ત્યારે તે સમ્યગ્દર્શન પામે છે.

૬. ઇન્દ્ર–પ્રભો, આવું સમ્યગ્દર્શન થતાં આત્મામાં શું થાય ?

* અહો, ત્યારે તો આત્માનું આખું જીવન જ પલટી જાય. જાણે કે આત્મા મરેલામાંથી જીવતો થયો હોય ! –એમ અલૌકિક આનંદથી ભરેલો ચૈતન્યભાવ પ્રગટે છે... તેની સાથે અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠે છે....એવી દશા એ જ આત્માનું સાચું જીવન છે.

૬. ઇન્દ્રાણી–પ્રભો ! આપના શ્રીમુખથી સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા સાંભળીને અમને ઘણો આનંદ થાય છે.

૭ ઇન્દ્ર–અહા, સમ્યગ્દર્શન એ જ સાચું આનંદકારી છે; એના જેવું ઉત્તમ જગતમાં બીજું કોઇ નથી.

૭ ઇન્દ્રાણી–પ્રભો, શું આ સ્ત્રીપર્યાયમાં અમને પણ સમ્યગ્દર્શન થાય ?

સૌધર્મઇન્દ્ર–હા, જરૂર થાય. જો આત્માની લગની હોય તો સ્ત્રીપર્યાયમાં કે સિંહ જેવી પશુપર્યાયમાં પણ સમ્યગ્દર્શન થાય છે. આ પ્રભુનો આત્મા પણ આઠ ભવ પહેલાં સિંહપર્યાયમાં જ સમ્યગ્દર્શન પામ્યો હતો ને !

૮. ઇન્દ્ર–હા, અને એ સમ્યગ્દર્શનના પ્રતાપે, હવે અંતિમ અવતારમાં તેઓ જગતના નાથ તીર્થંકર થશે....ને અનેક જીવોને ધર્મ પમાડશે.

૮. ઇન્દ્રાણી–એ વખતે એમના દિવ્ય શરીરનું રૂપ જગતમાં અજોડ હશે.

૯. ઇન્દ્ર–હા, પણ ખરી મહત્તા તો એમના આત્માની છે કે જે પોતાને દેહથી જુદો અનુભવતા હશે.

૯. ઇન્દ્રાણી–ભગવાન માતાના પેટમાં હશે ત્યારે પણ તેમને સમ્યગ્દર્શન હશે.

૧૦ ઇન્દ્ર–માત્ર સમ્યગ્દર્શન નહીં, પણ સાથે અવધિજ્ઞાન પણ હશે !

૧૦ ઇન્દ્રાણી–ધન્ય તે પ્રિયંકારિણી ત્રિશલામાતા...કે જેમની ગોદમાં મોક્ષનું મોતી પાકશે.

૧૧ ઇન્દ્ર–ધન્ય તે સિદ્ધાર્થ મહારાજા, કે જેમના ઘરે તીર્થંકરનો અવતાર થશે.

૧૧ ઇન્દ્રાણી–એ મંગળ આત્માના પંચકલ્યાણક દેખીને, ચૈતન્યના મહિમાથી કેટલાય જીવો સમ્યગ્દર્શન પામશે.

સૌધર્મ–અરે, એને ગોદમાં લઈને પારણે ઝુલાવનારી માતા પણ મોક્ષગામી હશે.

શચી–અને એ નાનકડા તીર્થંકરને તેડીને હું પણ ધન્ય બનીશ. તીર્થંકર ભગવાનનો તો કોઈ અલૌકિક મહિમા છે; એને ઓળખતાં જીવ સમ્યગ્દર્શન પામે છે.

સૌધર્મ–હા; પણ દેહથી ભગવાનને ઓળખે તે ઓળખાણ સાચી નથી. ભગવાનના આત્માને આત્મભાવથી ઓળખવા તે સાચી ઓળખાણ છે.

૧૨ ઇન્દ્ર–તીર્થંકર નામકર્મ બાંધનાર જીવ ત્રીજા ભવે જરૂર મોક્ષ પામે છે.

૧૨ ઇન્દ્રાણી–હા, એ સાચું; પણ જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાયું તે કાંઇ મોક્ષનું કારણ નથી.

૧૩ ઇન્દ્ર–તો મોક્ષનું કારણ શું છે ?

૧૩ ઇન્દ્રાણી–મોક્ષનું કારણ તો વીતરાગવિજ્ઞાન જ છે; રાગ તો બંધનું જ કારણ છે.

૧૪ ઇન્દ્ર–જ્યારે તીર્થંકરનો અવતાર થાય ત્યારે આખા જગતમાં આનંદ ફેલાય છે.

૧૪ ઇન્દ્રાણી–અરે, નરકના જીવને પણ સાતા થાય છે ને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામે છે.

૧૫ ઇન્દ્ર–જગતમાં જ્યારે લાખો જીવો ધર્મ પામવાની તૈયારીવાળા હોય, ને ધર્મકાળ વર્તવાનો હોય ત્યારે તીર્થંકરનો અવતાર થાય છે.

૧૫ ઇન્દ્રાણી–અહો, એવો ધન્ય અવસર તો જીવનમાં ક્યારેક જ આવે છે.

૧૬. ઇન્દ્ર–ભરતક્ષેત્રમાં તો અસંખ્યવર્ષોમાં માત્ર ૨૪ વખત જ એવી ધન્યપળ આવે છે કે જ્યારે તીર્થંકરનો અવતાર થાય છે.

૧૬ ઇન્દ્રાણી–પણ વિદેહક્ષેત્રમાં તો એટલા વખતમાં અસંખ્ય તીર્થંકરો અવતરે છે.

સૌધર્મ–અહા, તીર્થંકરોનું જીવન એ કોઈ અદ્‌ભુત જીવન છે. ચૈતન્યના આરાધક જીવોના જીવનની શી વાત? એ તો અદ્‌ભુત હોય જ ને!

શચી–એ તીર્થંકરોને તો ધન્ય છે, ને એમના પરિવારને પણ ધન્ય છે.

સૌધર્મ–આપણે બધા પણ તીર્થંકર ભગવાનના પરિવારના જ છીએ. ચાલો, આપણે સૌ

મહાવીર તીર્થંકરના ગર્ભકલ્યાણકનો ઉત્સવ કરવા મધ્યલોકમાં જઈએ...કુબેરજી!

કુબેર–જી મહારાજ!

સૌધર્મ–તમે ભરતક્ષેત્રના વૈશાલી કુંડગ્રામમાં જાઓ, તેની અદ્‌ભુત શોભા કરો અને સિદ્ધાર્થ રાજાના મહેલમાં પંદર માસ સુધી રત્નોની વર્ષા કરો.

કુબેર–જેવી આજ્ઞા મહારાજ! અહો, જગતના નાથ તીર્થંકર દેવની સેવા કરવાનું મહાન ભાગ્ય મને મળ્યું. આ દેવલોકની સમસ્ત વિભૂતિ વડે પણ જેમના એક ગુણનોય પૂરો મહિમા ન કરી શકાય એવા ભગવાનની સેવાનો ધન્ય અવસર તો મોક્ષગામી જીવને જ મળે છે.

કુબેરાણી–સાચું જ છે. તીર્થંકરની સેવાથી અમારી આ દેવીપર્યાય પણ ધન્ય બની ગઇ. ચાલો, જલ્દી મધ્યલોકમાં જઈએ ને તીર્થંકરના માતા–પિતાનું સન્માન કરીએ.

(મહાવીર ભગવાનકી જય હો.)

# સિદ્ધાર્થ મહારાજાની રાજસભામાં ભેદજ્ઞાનની સરસ ચર્ચા

સોનગઢમાં પરમાગમ-મંદિર પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવમાં કલ્યાણકની શરૂઆતમાં (ફાગણ સુદ સાતમે) સિદ્ધાર્થ મહારાજાની રાજસભાનું દ્રશ્ય થયું હતું, તેમાં જે તત્ત્વચર્ચા થઈ તે વાંચીને આપને પણ આનંદ થશે.

સિદ્ધાર્થ રાજાઃ-અહા, આજની આ રાજસભા કોઈ અદ્‌ભુત લાગે છે. આજે તો અંતરમાં કોઈ એવી પ્રસન્નતા અનુભવાય છે કે જાણે રત્નત્રયધર્મના અંકરા ફૂટી રહ્યા હોય! અહા, જાણે આકાશમાંથી કોઇ કલ્પવૃક્ષ ઊતરીને મારા આંગણે આવી રહ્યું હોય!

૧. સભાજનઃ-મહારાજ! આપની વાત સાંભળીને અમને પણ ઘણી પ્રસન્નતા થાય છે. ને આપને પ્રાર્થના કરીએ છીએ કે આજે રાજસભામાં બીજા બધા કાર્યો મુલતવી રાખીને આપના શ્રીમુખે ધર્મની ચર્ચા જ સાંભળીએ.

સિદ્ધાર્થઃ – વાહ, ધર્મચર્ચાથી ઉત્તમ બીજાું શું હોય? ખુશીથી આજે સૌ ધર્મચર્ચા કરો.

૨ સભાજનઃ-મહારાજ! આ સંસારમાં આવા વિચિત્ર મહોત્સવ પ્રસંગે પણ જ્ઞાની રાગથી અલિપ્ત કેમ રહી શકતા હશે!

સિદ્ધાર્થ-ગમે તેવા વિચિત્ર પ્રસંગ વખતે પણ ‘હું ચૈતન્યભાવ છું’ એવી સ્વતત્ત્વની બુદ્ધિ ધર્મીને વર્તે જ છે, ને તે જ્ઞાનમાં બીજા કોઈ અંશને ભેળવતા નથી. માટે જ્ઞાનીનું જ્ઞાન સર્વદા અલિપ્ત રહે છે.

૩ સભાજનઃ-હે સ્વામી! સાધર્મીજનોની આવી સભા દેખીને આનંદ થાય છે. મુમુક્ષુને સાધર્મીવાત્સલ્ય કેવું હોય, તે કહો!

સિદ્ધાર્થઃ-અહા, જેના દેવ એક, જેના ગુરુ એક, જેનો સિદ્ધાંત એક અને જેનો

ધર્મ એક, એવા સાધર્મીઓને સંસારના કોઇ મતભેદ આડા આવતા નથી; તેથી સાધર્મીને દેખીને તેને અંતરમાં પ્રસન્નતા થાય છે; તેની સાથે ધર્મચર્ચા, તેનું અનેક પ્રકારે આદર–સન્માન, વાત્સલ્ય કરીને ધર્મનો ઉત્સાહ વધારે છે. તેને સાધર્મી પ્રત્યેનો ધર્મપ્રેમ ઉલ્લસી જાય છે. જગતમાં મોટામોટા હજારો મિત્રો મળવા સહેલા છે, પણ સાચા સાધર્મીનો સંગ મળવો બહુ મોંઘો છે.

૪. સભાજનઃ–અહા, સાધર્મી પ્રેમની આવી સરસ વાત આપના શ્રીમુખથી સાંભળીને અમને ઘણી પ્રસન્નતા થાય છે.

૫. સભાજનઃ–મહારાજ! આવો સત્ય દિગંબર જૈનધર્મ આપણને મહાભાગ્યે મલ્યો છે, ને અત્યારે તો ચોથોકાળ વર્તી રહ્યો છે. અત્યારે તેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનું શાસન ચાલે છે. તો હવે ચોવીસમા તીર્થંકરનો અવતાર ક્યારે થશે?

સિદ્ધાર્થઃ–અત્યારે ચારે બાજુથી જે ઉત્તમ ચિહ્નો પ્રગટી રહ્યા છે તે જોતાં એમ લાગે છે કે હવે તુરતમાં જ ચોવીસમા તીર્થંકરનો અવતાર થશે, એટલું જ નહિ...પણ, મારા અંતરમાં ધર્મભાવનાનું જે મહાન આંદોલન ચાલી રહ્યું છે તે ઉપરથી એમ લાગે છે કે જાણે તીર્થંકર ભગવાન મારા આંગણે જ પધાર્યા હોય!

૬ સભાજનઃ–અહો મહારાજ! આપ મહા ભાગ્યવાન છો...આપ ચરમશરીરી છો, ને આપના કુળમાં ચરમશરીરી તીર્થંકર અવતરશે. આપણી વૈશાલીનગરી ધન્ય થશે.

૭ સભાજનઃ–માત્ર વૈશાલી નહિ, આપણે બધા ધન્ય બનશું. નાનકડા તીર્થંકરને નજરે નીહાળશું, ને એના દર્શનથી ઘણાય જીવો સમ્યગ્દર્શન પામીને સંસારથી તરી જશે.

૮ સભાજન–અહા, એક નાનકડા બાળકની અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અવધિજ્ઞાન અને અતીન્દ્રિય આનંદ હોય...એ એક આશ્ચર્યની વાત છે.

૯ સભાજનઃ–એ આશ્ચર્યની વાત હોવા છતાં સત્ય છે. અને થોડા વખતમાં આપણે જ્યારે નાનકડા મહાવીરકુંવરને ત્રિશલામાતાની ગોદમાં ખેલતા નજરે જોઈશું ત્યારે આપણું આશ્ચર્ય મટી જશે, ને આત્માની કોઈ અદ્ભુત અલૌકિક તાકાત કેવી છે તેનો આપણને સાક્ષાત્કાર થશે.

૧૦ સભાજનઃ–મહારાજ, ઘણા જીવો મોક્ષમાં ગયા છે, ને ઘણા જીવો મોક્ષમાં જશે, તે બધા કેવી રીતે જશે?

સિદ્ધાર્થઃ–સાંભળો, જૈનસિદ્ધાંતનો ત્રણેકાળનો નિયમ છે કે –

ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ સિદ્ધા યે કિલ કેચન,
અસ્યેવ–અભાવતો બદ્ધા, બદ્ધા યે કિલ કેચન.

ભેદજ્ઞાનની ભાવના તે જ મુક્તિનો ઉપાય છે.

૧૧ સભાજનઃ– આવું ભેદજ્ઞાન કઈ રીતે થાય ?

સિદ્ધાર્થઃ–તમે બહુ સારો પ્રશ્ન પૂછયો. ભેદજ્ઞાન માટે પહેલાં આત્માની લગની લાગવી જોઈએ, એવી લગની લાગે કે આત્માના કાર્ય સિવાય જગતનું બીજું કોઈ કાર્ય સુખરૂપ ન લાગે. જ્ઞાની પાસેથી ચૈતન્યતત્ત્વ સાંભળીને તેનો અપૂર્વ મહિમા આવે કે અહા, આવું અચિંત્ય ગંભીર મારું તત્ત્વ છે. –એમ અંતરના તત્ત્વનો પરમ મહિમા ભાસતાં પરિણતિ સંસારથી હટીને ચૈતન્ય સન્મુખ થાય છે, ને શાંતિના ઊંડાઊંડા ગંભીર સમુદ્રને અનુભવીને રાગાદિથી છૂટી પડી જાય છે. આવું ભેદજ્ઞાન થતાં જીવના અંતરમાં મોક્ષમાર્ગ ખુલી જાય છે. માટે ભેદજ્ઞાનની નિરંતર ભાવના કરવી જોઈએ–

ભાવયેત્ ભેદવિજ્ઞાનં ઈદમ્ અચ્છિન્નધારયા;
તાવત્ યાવત્ પરાત્ ચ્યુત્વા, જ્ઞાનં જ્ઞાને પ્રતિષ્ઠતે.

૧૨ સભાજનઃ–દેવ ! આવું ભેદજ્ઞાન સંસારના બધા જીવો કેમ નહીં પામતા હોય ?

૧૩ સભાજનઃ – સાંભળો, જગતની સ્થિતિ એવી છે કે–

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે;
રે ગ્રહણ કર તું નિયત આ, જો કર્મ–મોક્ષેચ્છા તને.

૧૪ સભાજનઃ ખરું છે, ચૈતન્યતત્ત્વ બહુ ગંભીર છે. લોકો તો એ પામે કે ન પામે, આપણે જગતની ચિંતા છોડીને, પોતે પોતાનું હિત થાય તેમ કરી લેવાનું છે.

૧૫ સભાજનઃ–બરાબર છે; આ જગત તો વિચિત્ર છે; જગતનું જોવા રોકાઈએ તો આત્માનું ચુકી જવાય તેવું છે. તીર્થંકરો જગતનું જોવા રોકાયા નહિ, તેઓ તો અંતરના ચૈતન્યને સાધીને પોતાના માર્ગે મોક્ષમાં ચાલ્યા ગયા.

૧૬ સભાજન–અહા, આજે ભેદજ્ઞાનની સરસ ચર્ચા થઈ. આજનો દિવ્ય પ્રકાશ એવો લાગે છે કે જાણે કોઈ તીર્થંકરનું આપણી નગરીમાં આગમન થઈ રહ્યું હોય!

ત્રિશલામાતાઃ–મને પણ આજની ચર્ચામાં તીર્થંકરનો મહિમા સાંભળીને બહુ જ આનંદ થયો. મારું અંતર પણ કોઇ અનેરી પ્રસન્નતા અનુભવી રહ્યું છે. આકાશમાંથી જાણે આનંદનો વરસાદ વરસી રહ્યો હોય એવું લાગે છે.

( રાણીઓ પણ તત્ત્વચર્ચામાં આનંદથી ભાગ લેતાં કહે છે– )

૧. અહો, રાજમાતા! આપનો પુણ્યપ્રભાવ કોઈ અજોડ છે.

૨. આપના આત્મિકભાવોમાં પણ કોઈ અનેરું પરિવર્તન થઈ રહ્યું છે.

૩. માતા, આપના સાન્નિધ્યથી અમને પણ ઉત્તમ ભાવનાઓ જાગે છે.

૪. માતા, જગતમાં માતાઓ તો અનેક છે; પણ આ ભરતક્ષેત્રમાં તીર્થંકરની માતા તો તું એક જ છો.

૫. ભગવાન જેની કુંખે આવે તે માતા પણ મોક્ષગામી જ હોય.

૬. અહો, સ્ત્રીપર્યાયમાં પણ આત્માની સાધના થઈ શકે છે.

૭. અરે, પંચમકાળની સ્ત્રીઓ પણ આત્મસાધના કરશે, તો આ ચોથા કાળમાં આપણે કેમ ન કરીએ!

૮. જ્યારે આત્માને સાધીએ ત્યારે ધર્મકાળ છે.

૯. તેવીસ તીર્થંકરો તો થઈ ગયા. હવે ૨૪ મા તીર્થંકરનો અવતાર થશે.

૧૦. અને તીર્થંકરપ્રભુના શાસનમાં લાખો જીવો આત્માનું કલ્યાણ કરશે.

૧૧. તીર્થંકરના શાસનમાં ગણધરો પાકશે ને હજારો મુનિઓ પણ પાકશે.

૧૨. આત્માને જાણનારા લાખો શ્રાવકો ને શ્રાવિકાઓ પણ પાકશે.

૧૩. પંચમકાળમાં પણ જૈનધર્મની ધારા અખંડપણે ચાલ્યા કરશે.

૧૪. અહો; તીર્થંકરના અવતારથી આપણું વૈશાલી રાજ્ય ધન્ય બનશે.

( દિવ્યવાજાં વાગે છે...રત્નોની વૃષ્ટિ થાય છે. )

૧૫. અહો; આ દિવ્ય વાજાં શેનાં સંભળાય છે; ને આ રત્નવૃષ્ટિ ક્યાંથી થાય છે?

૧૬ અહા, જુઓ જુઓ, સ્વર્ગમાંથી કુબેર આવી રહ્યા છે; સાથે ૫૬ કુમારિદેવીઓ પણ છે.

( કુબેર આવીને નમસ્કાર કરીને કહે છે– )

કુબેરઃ –અહો સિદ્ધાર્થ મહારાજ ! આપ ધન્ય છો. અહો ત્રિશલામાતા ! આપ ધન્ય છો. છ માસ પછી ૨૪ મા તીર્થંકર આપની કુંખે અવતરશે. તેથી ઇન્દ્રમહારાજે મને આ ભેટ લઈને આપની સેવામાં મોકલ્યો છે. હે જગતપિતા ! હે જગતમાતા ! તીર્થંકર પરમાત્મા જેના આંગણે પધારે એના મહિમાની શી વાત ?

કુબેરાણીઃ –હે માતા ! ભગવાનના પધારવાથી આપનો દેહ તો પવિત્ર થયો ને આપનો આત્મા પણ સમ્યક્ત્વાદિથી શોભી ઊઠશે. અમે સ્વર્ગના દેવો આપનું સન્માન કરીએ છીએ. દિગ્કુમારી દેવીઓ પણ માતાની સેવા કરવા આવી છે.

કુબેરઃ –દેવીઓ, તમે માતાજી સાથે મહેલમાં જાઓ અને છ માસ સુધી તેમની સેવા કરો.

દેવીઓઃ –જૈસી આજ્ઞા.

## દેવીઓ દ્વારા માતાની સ્તુતિ-

ધન્ય ધન્ય છો હે માતા ! તું જિનેશ્વરકી માતા,<br>
નંદન તારા જયવંત છે ત્રણલોકમાં.<br>
જે પુત્ર તારો થાશે, તે મુનિ થઇ વિચરશે,<br>
કેવળ પામી, એ ભવ્યજીવોને તારશે.<br>
તારા ઉરમાં રત્ન બિરાજે, શ્રી તીર્થંકરપ્રભુ રાજે,<br>
મોક્ષગામી ! માતાજી જયવંત લોકમાં.<br>
તારો પુત્ર મોટો થાશે, એ પરમાત્મા બની જાશે,<br>
જેને દેખી, સમકિત જીવો પામશે.

# 卐 ઇન્દ્રસભા ( ૨ ) 卐

[સોનગઢમાં પરમાગમમંદિર પ્રતિષ્ઠા–મહોત્સવ વખતે ( ગર્ભકલ્યાણક ) પ્રસંગે ઇન્દ્રસભામાં થયેલ ચર્ચાઃ ફાગણ સુદ ૮ : સવારે]

( ઇન્દ્ર ૧ )–દેવો ! જગતમાં સારભૂત વસ્તુ વીતરાગ–વિજ્ઞાન જ છે. એવા વીતરાગ વિજ્ઞાનનો જગતને સંદેશ દેવા માટે જ તીર્થંકરોનો અવતાર છે.

( ઇન્દ્રાણી ૧ )–હા દેવ ! હવે ભરતક્ષેત્રમાં ૨૪ મા તીર્થંકર અવતરશે, ને જગતને મોક્ષનો સંદેશ આપશે.

( ઇન્દ્ર ૨ )–આપણું આ ઇન્દ્રપદ પણ ખરેખર સારભૂત નથી; આત્માનું અતીન્દ્રિય સુખ જ સારભૂત છે.

( ઇન્દ્રાણી ૨ )–લક્ષ્મી–શરીર સુખ–દુઃખ અથવા શત્રુ–મિત્ર જનો અરે !

જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે.

( ઇન્દ્ર ૩ )–અહા, ચૈતન્યની અનુભૂતિ પાસે તો શુભરાગ પણ અસાર અને દુઃખરૂપ લાગે છે.

( ઇન્દ્રાણી ૩ )–તદ્દન સત્ય છે. આપણને જે ચૈતન્યસુખનો સ્વાદ આવે છે એવો સ્વાદ આ ઇન્દ્રપદના વૈભવમાં કદી નથી આવતો.

( ઇન્દ્ર ૪ )–અરે, તીર્થંકરપ્રકૃતિ પણ જ્યાં સારભૂત નથી ત્યાં બીજાની તો શી વાત !

( ઇન્દ્રાણી ૪ )–જો તીર્થંકરપ્રકૃતિ પણ સારભૂત નથી, તો તીર્થંકરનો આટલો બધો મહિમા કેમ કરીએ છીએ ?

( ઇન્દ્ર ૫ )–સાંભળો, તીર્થંકરો આપણને વીતરાગરત્નત્રયનો ઉપદેશ આપીને, ભવસમુદ્રથી તારે છે, તેથી જ તેમનો મહિમા કરીએ છીએ.

( ઇન્દ્રાણી ૫ ) તદ્દન સત્ય છે; આપણે રાગને માટે તીર્થંકરને નથી માનતા; આપણે તો વીતરાગભાવ માટે જ તીર્થંકરને માનીએ છીએ.

( ઇન્દ્ર ૬ )–ખરેખર, વીતરાગભાવ તે જ તીર્થંકરોનો માર્ગ છે. ને વીતરાગભાવ વડે જ તીર્થંકરદેવ ઓળખાય છે.

( ઇન્દ્રાણી ૬ )–અહા, ધન્ય છે તે જીવન! કે જેમાં વીતરાગરસનો સ્વાદ ચાખીએ.

( ઇન્દ્ર ૭ )–મહાવીર તીર્થંકર અત્યારે ત્રિશલા માતાના પેટમાં બેઠાબેઠા પણ ચૈતન્ય–રસનો સ્વાદ લઇ જ રહ્યા છે.

( ઇન્દ્રાણી ૭ )–અહો, એ તો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને ચૈતન્યસ્વાદનું વેદન સદાય હોય છે.

( ઇન્દ્ર ૮ )–અહો! રાગ વખતેય ધર્મીજીવને ચૈતન્યસ્વાદનું વેદન વર્તતું હોય–એ આશ્ચર્યકારી વાત તો જ્ઞાની જ સમજે છે.

( ઇન્દ્રાણી ૮ )–જ્ઞાનીને ચૈતન્યની શાંતિ અને રાગની આકુળતા બંને એક સાથે હોય છે, –પણ જ્ઞાની તેને એકબીજામાં જરાય ભેળવતા નથી. બંને ધારા જુદી જ રહે છે; તેનું રહસ્ય જ્ઞાની જ સમજે છે.

( ઇન્દ્ર ૯ )–મહાવીરતીર્થંકરનો આત્મા અત્યારે એવી મિશ્રધારારૂપે પરિણમી રહ્યો છે. તેમાંથી જ્ઞાનધારા અને રાગધારા બંનેને જુદી ઓળખવી તે જ ભગવાનની સાચી ઓળખાણ છે.

( ઇન્દ્રાણી ૯ )–તીર્થંકરની આવી ઓળખાણથી તેમના જે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાય છે તે અદ્ભુત આનંદકારી હોય છે.

( ઇન્દ્ર ૧૦ )–અહો, તીર્થંકર! જેમનું નામ સાંભળતાં પણ હર્ષ થાય છે, તેમના સાક્ષાત્ દર્શનની શી વાત!

( ઇન્દ્રાણી ૧૦ )–આજે મહાવીર તીર્થંકર ત્રિશલામાતાની કુંખે પધાર્યા છે; આપણે તેમના કલ્યાણક ઉજવીને ધન્ય બનશું.

( ઇન્દ્ર ૧૧ )–અહો, એ ત્રિશલામાતા ધન્ય છે ને એ સિદ્ધાર્થપિતા પણ ધન્ય છે.

( ઇન્દ્રાણી ૧૧ )–પ્રભુ પાદપંકજ જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે;

તે ગામ–પૂરને ધન્ય છે તે માત–કુળ જ વંદ્ય છે.

( ઇન્દ્ર ૧૨ )–અહો, જિનેન્દ્ર ભગવાનનો અવતાર થતાં જગતમાં અજવાળા થાય

છે, ને નારકીના જીવો પણ સુખ પામે છે. દેવો પ્રભુની સેવા કરવા માટે મધ્યલોકમાં જાય છે.

(ઇન્દ્રાણી ૧૨)–મનુષ્યલોકમાં કોઇવાર એકસાથે એકસોસીંતેર તીર્થંકરો અરિહંતપદે વિચરતા હોય છે.

(ઇન્દ્ર ૧૩)–વિદેહક્ષેત્રમાં અત્યારે વીસ તીર્થંકરભગવંતો વિચરે છે; ભરતક્ષેત્રમાં અત્યારે કોઈ તીર્થંકર નથી, પણ સવા નવ માસ પછી ચોવીસમા તીર્થંકરનો અવતાર થશે.

(ઇન્દ્રાણી ૧૩)–તીર્થંકરનું દ્રવ્ય ત્રિકાળ મંગળ છે. શુદ્ધનયથી જોનાર પોતાના આત્માને પણ મંગળરૂપ દેખે છે.

(ઇન્દ્ર ૧૪)–ભરતક્ષેત્રમાં અત્યારે 'ભાવતીર્થંકર' નથી પણ 'દ્રવ્યતીર્થંકર' તો બિરાજી રહ્યા છે. એવા દ્રવ્યતીર્થંકર અત્યારે ત્રિશલામાતાના પેટમાં બિરાજી રહ્યા છે.

(ઇન્દ્રાણી ૧૪)–અહો, દ્રવ્યતીર્થંકરનો પણ આટલો મહિમા! તો ભાવતીર્થંકરના મહિમાની શી વાત!

(ઇન્દ્ર ૧૫)–ભાવતીર્થંકરને ઓળખતાં તો સમ્યગ્દર્શન થાય છે. કહ્યું છે કે–

**જે જાણતો અર્હંતને ગુણ–દ્રવ્ય ને પર્યયપણે,**

**તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.**

(ઇન્દ્રાણી ૧૫)–સવા નવમાસ પછી મહાવીર તીર્થંકરનો અવતાર થશે અને તેમનું શાસન ભરતક્ષેત્રમાં એકવીસ હજાર વર્ષ સુધી ચાલશે.

(ઇન્દ્ર ૧૬)–અહો, આજની ઘડી ધન્ય છે કે ચોવીસમાં તીર્થંકરના ગર્ભકલ્યાણકનો અવસર આવ્યો છે.

(ઇન્દ્રાણી ૧૬)–ભગવાનના કલ્યાણક દેખીને આત્માનું કલ્યાણ થશે; એથી તો તેને કલ્યાણક કહેવાય છે.

(કુબેર)–ભગવાનનો જીવ આજે જ અહીંથી દેવપર્યાય છોડીને તીર્થંકરપર્યાયમાં અવતર્યો છે. ચાલો, સૌ આનંદથી તેમનો ઉત્સવ કરવા જઇએ.

(કુબેરાણી)–હા દેવ! અમે દેવીઓ પણ આપની સાથે જ આવશું ને ત્રિશલામાતાની સેવા કરશું.

હા, સૌ ખુશીથી ચાલો.

* * *

# ઇન્દ્રસભામાં તીર્થંકરનો જન્મોત્સવ

સોનગઢમાં પરમાગમ-મંદિર પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવમાં મહાવીરપ્રભુનો જન્મકલ્યાણક ફાગણ સુદ ૯ ના રોજ થયો હતો. તે આનંદપ્રસંગે ઇન્દ્રસભામાં કેવી ચર્ચા થઈ હતી તે આપ અહીં વાંચશો.

મોક્ષમાર્ગસ્ય નેતારં ભેત્તારં કર્મભુભૃતામ્,
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વન્દે તદ્ગુણલબ્ધયે.

ઇન્દ્ર-૧ઃ-અહો દેવો! જૈનધર્મ પામીને આપણે ધન્ય બન્યા. આ એક ઇન્દ્રપર્યાયમાં જ આપણે અસંખ્ય તીર્થંકરભગવંતોના કલ્યાણક ઉજવ્યા. અને તીર્થંકરદેવના શાસનના પ્રતાપે અપૂર્વ કલ્યાણકારી સમ્યગ્દર્શન પામીને આ ભવચક્રથી આપણે છૂટયા.

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,
સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વ જીવે.

(નિયમસાર ગાથા ૮૯)

અત્યારે એવા અપૂર્વ સમ્યક્ત્વાદિની ભાવના ભાવીને ભવચક્રના નાશનો આ અવસર છે. માટે જૈન શાસન કહે છે કે હે જીવો! તમે આત્માનો પ્રેમ કરો.

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો! ઉત્તમ થશે.

(સમયસાર ૨૦૬)

દેવો! જિનશાસનમાં ભગવાને રાગ-દ્વેષ-મોહ વગરના શુદ્ધપરિણામને ધર્મ કહ્યો છે; ને વ્રત-પૂજાદિના શુભરાગને પુણ્ય કહ્યું છે. માટે તમે શુદ્ધ ભાવરૂપ ધર્મને સાધીને દેવપર્યાયને સફળ કરો.

૧ ઇન્દ્રાણીઃ–હા દેવ! આપની વાત સત્ય છે. અમારું આયુષ્ય ઓછું છે તોપણ કેટલાય તીર્થંકરભગવંતોને ગોદમાં તેડવાનું મહાન ભાગ્ય અમને મળે છે. બાલતીર્થંકરના સ્પર્શથી અમારી સ્ત્રીપર્યાય પણ ધન્ય બની, ને અમને આત્માના શુદ્ધભાવની પ્રેરણા જાગી છે.

૨ ઇન્દ્રાણીઃ–હે મહારાજ! આપણે ભગવાનના કલ્યાણક ઉજવીએ છીએ; તો કલ્યાણક એટલે શું?

૨ ઇન્દ્રઃ–હે દેવી! આત્માના કલ્યાણમાં જે નિમિત્ત થાય તેનું નામ કલ્યાણક છે. એટલે સમ્યક્ રત્નત્રય તે પરમાર્થ કલ્યાણક છે; અને તીર્થંકરભગવાનના પંચકલ્યાણક અનેક જીવોના કલ્યાણનું નિમિત્ત થાય છે.

૩. હે સ્વામી! ભગવાનના કલ્યાણક આપણા કલ્યાણનું નિમિત્ત કઈ રીતે થાય?

૩. હે દેવી! તીર્થંકરના કલ્યાણકનાં અદ્ભુત દ્રશ્યો દેખતાં કોઈ ભવ્ય જીવોને ચૈતન્યના અપાર મહિમાની સ્ફૂરણા જાગે છે, ને તેનું કલ્યાણ થાય છે.

૪. બરાબર છે દેવ! તેવીસમા તીર્થંકરના મોક્ષકલ્યાણકને દેખીને જ મને દેહ અને આત્માની ભિન્નતાનું લક્ષ થયું અને અતીન્દ્રિય આનંદની પ્રતીતિ થઈ.

૪. અહા, આત્માના અતીન્દ્રિય આનંદની પ્રતીત થતાં જીવની પરિણતિ આખા સંસારથી પાછી હટી જાય છે, ને તે પોતાના અંતરમાં સુખસમુદ્રને દેખે છે.

૫. અહા, એ સુખ ખરેખર અદ્ભુત છે! શરીર અને વિષયો વગરનું હોવા છતાં આત્માનું એ સુખ જગતમાં સૌથી ઊંચું છે.

૫. અરે, વીતરાગી સંતો પણ એ સુખને ચાહે છે–

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્ ધ્યાન મહીં,
પ્રશાંત અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

## મંગલ ઘંટનાદ- વાજાં - પ્રકાશ

સૌધર્મઇન્દ્ર–અરે....અરે! મારું આ ઇન્દ્રાસન આજ એકાએક કેમ ડોલી રહ્યું છે? મારા સિંહાસનને કંપાવનાર આ જગતમાં કોણ છે? અરે, આ મધુર ઘંટનાદ એની

મેળે કેમ વાગી રહ્યા છે? આ દૈવી વાજાં કેમ વાગી રહ્યા છે? ચારેકોર આ દિવ્યપ્રકાશનો ઝગઝગાટ કેમ પ્રસરી રહ્યો છે? ત્રણલોકનું વાતાવરણ આટલું બધું હર્ષમય કેમ બની રહ્યું છે? જરૂર કોઇક આશ્ચર્યકારી ઘટના બની છે.

( અવધિજ્ઞાનથી જાણીને–પછી–ઊભા થઈને બોલે છે. )

અહો, આનંદ.....આનંદ....આનંદ!

દેવો સાંભળો! મધ્યલોકમાં ભરતક્ષેત્રની વૈશાલીનગરીમાં ત્રિશલાદેવી માતાની કુંખે ચોવીસમા તીર્થંકરનો અવતાર થઈ ચુક્યો છે.

( સૌધર્મઇન્દ્ર સહિત બધા દેવ–દેવીઓ નીચે ઊતરી નમસ્કાર કરે છે. )

બધા દેવો:–ધન્ય હો...ધન્ય હો...ધન્ય હો! બોલિયે મહાવીર ભગવાનકી જય હો.

૬. દેવી:–અહો ધન્ય અવતાર! મધ્યલોકમાં તીર્થંકરનો અવતાર થતાં ઊર્ધ્વલોકનું આપણું આ સ્વર્ગ પણ ઉજ્જવળ બન્યું.

૬. દેવ:–અરે, નરકના જીવોને પણ બેઘડી સાતા થઈ હશે, ને તીર્થંકરનો મહિમા જાણીને ઘણાય જીવો સમ્યક્ત્વ પામી ગયા હશે.

૭. દેવી:–અહા, જે આત્માનો પુણ્યવૈભવ પણ આવો અદ્ભુત, તેમના આત્મવૈભવની તો શી વાત ?

૭. દેવ:–અહા, એમના આત્મવૈભવનો મહિમા સમજતાં આપણને આપણા આત્માનો સ્વભાવ પણ સમજાઈ જાય છે.

૮. દેવી:–એ જ આપણા જૈનશાસનની ખૂબી છે કે કોઈ પણ તત્ત્વનો સાચો નિર્ણય કરતાં આત્મા સ્વસન્મુખ થાય છે, ને વીતરાગતા થાય છે.

૮. દેવ:–તેથી જ સર્વે શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા કહ્યું છે. વીતરાગતાનો ઉપદેશ તે જ ઇષ્ટ ઉપદેશ છે.

૯. દેવી:–અરે, અરિહંતદેવ પ્રત્યેનો શુભરાગ પણ જ્યાં સંસારનું જ કારણ છે ત્યાં બીજા રાગની તો શી વાત ? ખરેખર વીતરાગતામાં જ મહાન આનંદ છે.

૯ દેવ:–પરમાગમનું પણ એ જ ફરમાન છે–

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગી થઇને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

૧૦ દેવીઃ–અહો, બલિહારી છે તીર્થંકરોની, કે જેમણે પોતે આવો વીતરાગમાર્ગ સાધ્યો અને જગતને પણ બતાવ્યો.

૧૦ દેવઃ–અહા, કેવો સુંદર માર્ગ છે. મનુષ્ય થઇને આનંદથી આવા માર્ગને સાધતાં સાધતાં મોક્ષમાં જઇશું.

૧૧ દેવીઃ–અરેરે, આવા સુંદર માર્ગને પણ જગતના અજ્ઞાની જીવો નિંદે છે. અરે, આવો માર્ગ સાંભળવાની પણ ના પાડે છે!

૧૨. દેવઃ–ભગવાનના આવા સુંદર માર્ગને પણ કોઈ નિંદે તો નિંદો, પણ મુમુક્ષુજીવો જિનમાર્ગની ભક્તિ કદી છોડતા નથી, સાચા માર્ગથી કદી ડગતા નથી.

૧૨. દેવીઃ– અહા, આવા સુંદર વીતરાગમાર્ગને પ્રસિદ્ધ કરવા માટે જ તીર્થંકરોનો અવતાર છે. માટે આપણે ભક્તિથી આવા માર્ગને સાધીને આત્મહિત કરવું.

૧૨ દેવઃ–જિનેન્દ્ર ભગવાનનો માર્ગ પરમ સુંદર છે –

પણ કોઈ સુંદર માર્ગની ઈર્ષા કરે નિંદા વડે;
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે.

૧૩ દેવીઃ–અહા, આજ તો મહાવીર તીર્થંકરના અવતારનો મંગલ દિવસ છે. ભગવાનના કલ્યાણક એટલે આત્માનું કલ્યાણ કરવાનો અવસર!

૧૩ દેવઃ–અહા, ધન્ય છે પ્રભો! આપનો અવતાર ધન્ય છે. જગતને વીતરાગવિજ્ઞાનનો મહાન સંદેશ આપવા આપ અવતર્યા છો.

૧૪ દેવીઃ–ખરેખર વીતરાગવિજ્ઞાનની પ્રાપ્તિ એ જ ભગવાનની સાચી ભક્તિ છે.

૧૪ દેવઃ–ધર્માત્માઓ ભેદજ્ઞાનવડે સદાય એવી ભક્તિ કરી રહ્યા છે.

૧૫ દેવીઃ–બરાબર છે; આજે મહાવીરપ્રભુ જન્મ્યા તેમને પણ આવું ભેદજ્ઞાન વર્તી જ રહ્યું છે.

૧૫ દેવઃ–અહા, ભગવાન તો હજી એક દિવસના બાળક છે, છતાં તે પણ પોતાના ચૈતન્યસ્વભાવને ઉપાસી રહ્યા છે.

૧૬ દેવીઃ–એવા ભેદવિજ્ઞાન–ભગવાનનો જન્મોત્સવ કરવાનો આજે અવસર આવ્યો છે.

૧૬ દેવઃ–વાહ રે વાહ! ભગવાનને ઓળખીને ભવથી તરવાનો આ મહાન અવસર છે.

સૌધર્મઇન્દ્રઃ–અહો, તીર્થંકરપ્રભુના જન્મનો મહોત્સવ સ્વર્ગમાં આપણે આનંદથી ઉજવીએ છીએ. દેવીઓ, તમે આનંદ–મંગળનાં ગીત ગાઓ. કુબેર! તમે દેવોની સેના તૈયાર કરો; ઐરાવત હાથી તૈયાર કરો; આપણે ભરતક્ષેત્રમાં ચોવીસમા તીર્થંકરનો જન્માભિષેક કરવા જઈએ.

કુબેરઃ–જેવી આજ્ઞા મહારાજ! મારા ધન ભાગ્ય છે કે તીર્થંકર ભગવાનની સેવા કરવાનું મહા ભાગ્ય મને વારંવાર મળે છે.

કુબેરાણીઃ–અહો, ભગવાનનો જન્માભિષેક જોતાં, આત્મામાં જાણે આનંદનો અભિષેક કરતા હોઈએ એવો આનંદ થાય છે.

કુબેરઃ–મહારાજ! ઐરાવત હાથી તૈયાર છે. ચાલો, આપણે શીઘ્ર મધ્યલોકમાં જઈએ, ને પ્રભુના દર્શન કરીને પાવન થઈએ.

સૌધર્મઃ–હા ચાલો, બધા દેવો ચાલો.

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સોનગઢથી ચૈત્ર સુદ એકમે રાજકોટ પધાર્યા હતા, ને ચૈત્ર સુદ પુનમ સુધી ત્યાં બિરાજ્યા હતા. ચૈત્ર સુદ પુનમે રાજકોટથી મુંબઈ પધાર્યા છે, ને હાલ મુંબઈમાં બિરાજી રહ્યા છે. વૈશાખ સુદ બીજે ૮૫ મી જન્મજયંતિ મુંબઈમાં ઊજવાશે. મુંબઈનું તારનું સરનામું “DIGJAINMUM” Bombay છે. જન્મજયંતિ બાદ બીજે દિવસે (વૈશાખ સુદ ત્રીજ તા. ૨૫ ના રોજ) ગુરુદેવ મુંબઈથી ભાવનગર થઈને સોનગઢ પધારશે. ગઢડાશહેરમાં શ્રી જિનબિંબવેદીપ્રતિષ્ઠાનું મૂરત વૈશાખ વદ બીજનું છે.

ઉપયોગ–લક્ષણ જીવ છે,
ને એ જ સાચું જીવન છે;
તે જીવજો...જીવડાવજો.
પ્રભુ વીરનો ઉપદેશ છે.
ચેતનજીવન વીરપંથમાં,
નહિ દેહ–જીવન સત્ય છે.
ચેતન રહે નિજ ભાવમાં,
બસ, એ જ સાચું જીવન છે.

# મહાવીર ભગવાનનો મંગલ અવતાર

## અનંત આનંદને પોતે સાધ્યો...ને જગતને આનંદનો માર્ગ બતાવ્યો

મહાવીર ભગવાનના મંગલ જન્મ દિવસે ચૈત્રસુદ તેરસે રાજકોટમાં વહેલી સવારમાં ગુરુદેવે કહ્યું કે અહો! અનંત–અનંત આનંદસ્વરૂપ આત્મા છે, તેમાં સન્મુખતા થવી તે મંગળ છે. આનંદસ્વરૂપમાં સન્મુખતા થતાં જ પરભાવોથી વિમુખતા થઈ જાય છે, ને આત્મામાં મોક્ષના ભણકાર આવી જાય છે. જન્મીને ભગવાન મહાવીર આવા આનંદસ્વરૂપને પામ્યા....ને જગતને તેવા આનંદનો ઉપદેશ આપ્યો.–આવા ભગવાનના જન્મકલ્યાણકનો આજે મંગલ દિવસ છે. તે મંગલ દિવસનું આ પ્રવચન છે.

(ચૈત્ર સુદ ૧૩, રાજકોટ : પૂ. ગુરુદેવનું પ્રવચન, સમયસાર ગા. ૨૯૪)

જન્મ તો તેનો સફળ છે કે જેણે ફરીને જન્મવાનું બંધ કર્યું. ભગવાન મહાવીર આ અવતારમાં જન્મીને સિદ્ધપદને પામ્યા. પાવાપુરીમાં જે ક્ષેત્રેથી પ્રભુ મોક્ષ પામ્યા ત્યાં ઉપર લોકાગ્રે પ્રભુ સાદિ અનંતકાળ સુધી સિદ્ધપદમાં બિરાજે છે. પહેલવહેલા સં. ૨૦૧૩ માં ત્યાં યાત્રા કરવા ગયા હતા.–એવા સિદ્ધક્ષેત્રની યાત્રા કરતાં પ્રભુની સ્મૃતિ થાય છે કે અહો! ભગવાન આનંદસ્વરૂપમાં લીન થઈને અહીંથી સાદિઅનંત સિદ્ધપદને પામ્યા. આવા મહાવીર ભગવાનના જન્મનો આજે મંગળ દિવસ છે.

ભગવાન મહાવીર ૩૦ વર્ષ કુમાર અવસ્થામાં રહ્યા, પછી મુનિ થઈ સાડાબાર વર્ષ મુનિદશામાં વિચર્યા; ને પછી કેવળજ્ઞાન પામીને ૩૦ વર્ષ સુધી અરિહંતપદે રહીને જગતને કલ્યાણનો ઉપદશ આપ્યો. તે ભગવાન મહાવીરે કેવળજ્ઞાન થયા પછી સમવસરણમાં જે ઉપદેશ આપ્યો તેનો અંશ આ સમયસારમાં છે; તેમાં મોક્ષના ઉપાયરૂપ ભેદજ્ઞાન કેમ થાય, તેની વાત ચાલે છે, પ્રથમ તો આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે; ને બંધનું લક્ષણ રાગાદિક છે. રાગાદિકભાવોને બંધ સાથે સમપણું છે, આત્માના ચેતન–

સ્વભાવ સાથે રાગાદિકને સમપણું નથી; ચેતનલક્ષણ આત્માના સમસ્ત ગુણપર્યાયમાં રહેલું છે; તેના વગરના કોઈ ગુણ–પર્યાય હોતાં નથી; ત્યારે રાગ વગરનો તો આત્મા અનુભવાય છે. આ રીતે રાગને અને ચેતનાને અત્યંત ભિન્ન જાણતાંવેત ચેતનાસ્વરૂપે આત્મા અનુભવાય છે, ને બંધભાવો તે અનુભૂતિથી જુદા રહી જાય છે. અરે જીવ! એકવાર રાગથી ભિન્ન ચેતનાવડે આત્માને લક્ષગત તો કર, તને પૂર્વે કદી ન થઈ હોય એવી અપૂર્વ શાંતિનું વેદન થશે.....મોક્ષના ભણકાર અત્યારે જ આવી જશે.

મોક્ષસ્વરૂપ આત્મા, તે રાગ વગરનો, ભવના ભાવ વગરનો છે, તેમાં એકત્વ–પરિણમનથી તો રાગ વગરનો અબંધભાવ પ્રગટે છે, તે મોક્ષનું સાધન છે, અને રાગ તો ભવનું કારણ છે. ભવનો અભાવ કરવામાં રાગનો બિલકુલ સાથ નથી. અંદર જેણે આવા અબંધસ્વભાવી આત્માને લક્ષગત કર્યો તેને પર્યાયમાં પણ તેવો અબંધભાવ પ્રગટ થયો છે, એટલે મોક્ષનો ભાવ ખુલ્યો છે, અરે બાપુ! બંધના મારગ, ને મોક્ષના મારગ, એ તે કાંઈ એક હોય? બંનેને તદ્દન જુદાપણું છે. તેનું જુદાપણું નક્કી કરતાં ભેદજ્ઞાન વડે આત્મામાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થઈ, એટલે તે આત્માની પર્યાયમાં ભગવાનનો અવતાર થયો. આત્મામાં ભવનો અભાવ થાય ને મોક્ષનો ભાવ પ્રગટે તે મંગલ–અવતાર છે, તે આત્મા મોક્ષની મંગલપર્યાયમાં અવતર્યો.

અત્યારે ભગવાન મહાવીરનું શાસન ચાલે છે; તેમનો આજે જન્મકલ્યાણકનો દિવસ છે. જન્મ તો જગતમાં ઘણાં જીવોનાં થાય છે, પણ ભગવાનનો તો આ જન્મ તીર્થંકર તરીકેનો જન્મ હતો; આ જન્મમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને તેમણે જગતને મોક્ષનો માર્ગ બતાવ્યો, તેથી ભગવાનનો જન્મ તે મંગળરૂપ છે, તે કલ્યાણક તરીકે ઉજવાય છે. આ ભવ પહેલાં ભગવાનને આત્માનું ભાન હતું ને તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. પછી જ્યારે ત્રિશલામાતાની કુંખે પ્રભુ સ્વર્ગમાંથી અવતર્યા ત્યારે પણ આત્માનું ભાન તેમજ અવધિજ્ઞાન સહિત હતા. ભગવાનનો જન્મ થતાં ઈન્દ્ર આવીને ભગવાનના માતા–પિતાની પણ સ્તુતિ કરે છેઃ અહો માતા! તું જગતની માતા છો, તારા ઉદરમાં જગતના નાથ તીર્થંકર બિરાજે છે; તેથી તું રત્નકુંખધારિણી છો. ભગવાનનું તો બહુમાન કરે, પણ તેમના માતાનું પણ બહુમાન કરે છે. હે માતા! વીરપ્રભુ તારો તો પુત્ર છે પણ અમારો તો પરમેશ્વર છે; તારો ભલે પુત્ર, પણ જગતનો તે તારણહાર છે.–આમ કહીને ઈન્દ્રો માતાને નમસ્કાર કરે છે.

ભગવાન તો જન્મથી જ ત્રણ જ્ઞાન સહિત છે. આત્માનું સામર્થ્ય અદ્ભુત છે;

તેનું ભાન કરીને તેનો વિકાસ કરતાં કરતાં આ ભવમાં ભગવાને પૂર્ણ પરમાત્મપદ સાધી લીધું. આત્મામાં અનંત સામર્થ્ય છે. આત્માનો પૂર્ણ વિકાસ તો બધા અરિહંત–કેવળીભગવંતોને હોય છે, પણ તીર્થંકરના આત્માને પવિત્રતાની સાથે પુણ્ય પણ વિશિષ્ટ હોય છે, તેમની દિવ્યધ્વનિ વડે જગતના લાખો–કરોડો જીવો ધર્મ પામે છે. ભરતક્ષેત્રમાં એવા તીર્થંકરના અવતારનો આજે દિવસ છે. જીવો પોતાની ચૈતન્યસંપદાને પામે અને મુક્તિના પંથે દોરાય–એવો ઉપદેશ તીર્થંકરોની વાણીમાં હોય છે. આવા ભગવાનના જન્મને ઇન્દ્રો પણ ઊજવે છે. અહા, જેણે અનાદિ સંસારનો અંત કર્યો ને આત્માનું પરમાત્મપદ પ્રગટ કર્યું, સાદિ–અનંત મુક્તદશા જેમણે પ્રગટ કરી–એવા આત્માનો જન્મ તે સફળ છે, ને તેનો ઉત્સવ ઉજવવામાં આવે છે. બાકી જન્મીને જેણે આત્માનું કાંઈ કર્યું નથી એનો જન્મોત્સવ શો ? એનો જન્મ તો નિષ્ફળ છે. જન્મીને નરકાદિમાં રખડે – એનાં તે જન્મોત્સવ શા ? જન્મ તો તેના ઉજવાય કે જેણે ફરીને જન્મવાનું બંધ કર્યું; જેણે સંસારમાં અવતરવાનું બંધ કર્યું ને મોક્ષને સાધ્યો, તેનો અવતાર સફળ છે.–એવા ભગવાનનો આજે જન્મ–કલ્યાણક દિવસ છે. તે ભગવાને ઉપદેશમાં શું કહ્યું ? ને કયા ઉપાયથી ભવનો અંત કર્યો ? તે વાત અહીં સમયસારની ૨૯૪ મી ગાથામાં બતાવી છે.

અહો, ભગવાને જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા બતાવી છે. ચૈતન્યલક્ષણ તે આત્મા છે, ને રાગ તે બંધન એટલે કે સંસાર છે;–એ બંનેને જુદા અનુભવવા તે મોક્ષનો ઉપાય છે. એ બંનેનું ભિન્નપણું ભગવતી જ્ઞાનચેતના વડે અનુભવી શકાય છે. ભગવાન મહાવીરે એવા અનુભવ વડે મોક્ષને સાધ્યો, ને જગતને તેની રીત બતાવી.

ચૈતન્યભાવ તે આત્માનું સ્વલક્ષણ છે; જે કોઈ ગુણ–પર્યાયોમાં ચૈતન્યભાવ વ્યાપે છે તે બધા ગુણ–પર્યાયો આત્મા છે,–એમ ચૈતન્યલક્ષણવડે આત્માને ઓળખવો. અને જે રાગાદિભાવો છે તે ચૈતન્યચમત્કારથી સદાય ભિન્ન છે, તે ચૈતન્ય સાથે એકરૂપ નથી, તેના અભાવથી કાંઈ આત્માનો અભાવ થઈ જતો નથી; તે રાગાદિક વગર પણ ચેતનાલક્ષણરૂપ આત્મા અનુભવમાં આવે છે; માટે તે રાગાદિકને ચૈતન્યથી અત્યંત ભિન્નપણું છે. રાગને જાણનારું જે જ્ઞાન છે તે પોતાને જ્ઞાનપણે ( ચેતકપણે ) પ્રસિદ્ધ કરે છે કે 'હું જ્ઞાન છું'; અને તે જ્ઞાન, રાગને તો પરજ્ઞેયપણે પ્રસિદ્ધ કરે છે કે રાગપણે જે જણાય છે તે હું નથી; તેને જાણનારો હું તેનાથી જુદો છું. આમ અંતરના સૂક્ષ્મ ભેદને જાણનારી તીક્ષ્ણ પ્રજ્ઞાબુદ્ધિ વડે, આત્મા અને બંધનો ભેદ પડી જાય છે, એટલે આત્મા

બંધનથી છૂટો પડીને, જ્ઞાનમાં એકાગ્રતાવડે મોક્ષને સાધે છે.–આવો ભગવાનનો માર્ગ છે, ને આ જ ભગવાનનો ઉપદેશ છે.–આવો માર્ગ જે સમજે તેણે જ મહાવીર ભગવાનનો ખરો જન્મોત્સવ ઉજવ્યો કહેવાય. ને તેના જન્મ–મરણનો અંત આવી જાય.

આત્માના મોક્ષનું સાધન આત્મામાં છે. અંદરમાં આત્મા અને બંધને જુદા પાડવા તે મોક્ષનું સાધન છે એમ કહ્યું. ત્યાં જેણે એ રીતે જુદું પાડવાની ધગશ જાગી હતી એવા શિષ્યનો માર્મિક પ્રશ્ન હતો કે પ્રભો! અંદરમાં આત્મા અને રાગાદિકને જુદા કઈ રીતે પાડવા? તેને જુદા પાડવાનું સાધન શું? બંને એકમેક જેવા દેખાય છે તેને કયા સાધનથી જુદા પાડવા? આત્મા અને બંધને જુદા પાડવાનું તો આપે કહ્યું,–એટલે રાગાદિક બંધભાવો તે કોઈ મોક્ષનું સાધન નથી, તેને જુદા પાડવા તે જ મોક્ષનું સાધન છે–એટલું તો લક્ષમાં લઈને સ્વીકાર્યું છે, હવે એવા જુદાપણાનો સાક્ષાત્ અનુભવ કેમ થાય? એવી ઝંખનાવાળો શિષ્ય તેનું સાધન પૂછે છે. ને તેને આચાર્યદેવ આ ગાથામાં આત્મા અને બંધ બંનેના ભિન્નભિન્ન લક્ષણો સમજાવીને, તેમને અત્યંત જુદા પાડવાની અલૌકિક રીત બતાવે છે. આ રીતે સમજે તેને જરૂર ભેદજ્ઞાન થાય, ને મોક્ષના દરવાજા ખુલી જાય.


સાંભળ, ભાઈ! જ્ઞાનને રાગથી જુદું અનુભવવા માટેનું સાધન પણ જ્ઞાન જ છે, જ્ઞાનથી જુદું બીજું કોઈ સાધન નથી, જ્ઞાનસ્વરૂપ આત્મા 'કર્તા' છે; તો તેનું 'કારણ' પણ જ્ઞાનસ્વરૂપ જ છે, કેમકે નિશ્ચયથી કર્તાનું સાધન તેનાથી જુદું હોતું નથી. આત્મા અને બંધભાવો–એ બંનેનાં ભિન્નભિન્ન લક્ષણોને જાણનારું જે જ્ઞાન છે, તે જ તેમને જુદા કરવાનું સાધન છે. જે જ્ઞાને ચેતનાલક્ષણથી આત્માને જાણ્યો, ને રાગાદિ લક્ષણોથી બંધભાવને જાણ્યો,–તે જ્ઞાન પોતે જ આત્મામાં એકત્વપણે પરિણમે છે ને રાગાદિથી ભિન્નપણે પરિણમે છે,–આ રીતે રાગાદિથી ભિન્ન પોતાને અનુભવતું તે જ્ઞાન જ ભિન્નતાનું સાધન છે.

અહો, ભેદજ્ઞાનની રીત બતાવીને સંતોએ મોક્ષના મારગ ખોલી નાંખ્યા છે. જુઓ, આ મહાવીર ભગવાનનો માર્ગ! ચૈતન્યને અનુસરીને અનુભૂતિ થવી તે પ્રજ્ઞાછીણી છે, તે મોક્ષનું સાધન છે.

ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેનું ચૈતન્યલક્ષણ રાગથી ભિન્ન છે, ને તે ચૈતન્યલક્ષણ આત્માના અનંતગુણોમાં તથા ક્રમેક્રમે થતી પર્યાયોમાં પણ વ્યાપેલું છે. આત્માના સમસ્ત

ગુણ–પર્યાયોમાં વ્યાપતું હોવાથી તેને ‘અવ્યાપ્તિ’ નથી. આત્માના કોઈ ગુણ–પર્યાય જ્ઞાન વગરનાં હોય નહિ; ને તે જ્ઞાનલક્ષણ રાગાદિમાં વ્યાપતું નથી, તેનાથી જુદું જ રહે છે, તેથી તેને ‘અતિવ્યાપ્તિ’ પણ નથી. આવા જ્ઞાનલક્ષણને અનુસરીને આત્માને અનુભવમાં લે.–તે મોક્ષનો ઉપાય છે.

ચૈતન્યભાવનો દોર સાંધીને તું અંદર ચાલ્યો જા.–તો આત્મામાં પહોંચી જઈશ, ને બંધનથી છૂટો પડી જઈશ. અરે, આવા જ્ઞાન વગરના જીવો તે સંસારમાં રાગ–દ્વેષ – કષાયની અગ્નિથી બળી રહ્યા છે; પણ એને ભાન નથી કે કેટલું દુઃખ છે! અંદરની ચૈતન્યની શાંતિ જોઈ હોય તો ખબર પડે કે કષાયમાં કેટલું દુઃખ છે? અને ચૈતન્યલક્ષણ તો કષાય વગરનું શાંત છે; તેમાં રાગનો–કષાયનો કોઈ અંશ ન આવે. ચૈતન્યલક્ષણવડે આત્માને રાગથી તો ભિન્ન કરવાનો છે, તો તે ભિન્ન કરવામાં રાગ મદદ કેમ કરે? શુભરાગ તેનું સાધન છે જ નહીં; રાગથી જુદું એવું જ્ઞાન જ તેનું સાધન છે. અરે, જગતના જીવોને મોક્ષના સાધનની પણ ખબર નથી, ને રાગને સાધન માની બેઠા છે. ભગવાન મહાવીર કહે છે કે રાગથી જુદું પરિણમતું, ને આત્માથી અભિન્ન પરિણમતું એવું જ્ઞાન જ મોક્ષનું સાધન છે.–એનાથી જુદા બીજા કોઈ સાધનને શોધીશ મા. કરણશક્તિવડે જ્ઞાન પોતે જ પોતાના સાધનપણે પરિણમે છે. અબંધસ્વરૂપી ભગવાન આત્માનો અનુભવ કરવા માટે, બંધસ્વરૂપ એવા રાગાદિ સાધન કેમ થાય? ચૈતન્યની સન્મુખ થયેલી પર્યાય રાગથી તો તદ્દન જુદી વર્તે છે. રાગને જ્ઞાનનું સાધન માનનાર જીવ રાગ અને જ્ઞાનને જુદા પાડી શકતો નથી, તે તો બંનેને એક માને છે–એટલે બંધભાવરૂપે જ આત્માને અનુભવે છે; તેને મોક્ષના સાધનની ખબર નથી. અરે બાપુ! રાગ પોતે બંધભાવ, એ તે મોક્ષનું સાધન કેમ થાય? બાપુ! મોક્ષના મારગડા તો અંદરમાં રાગથી પાર છે. અંદર ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ કરે તે સાચો પંડિત છે. બાકી તો બધા રાગનાં ફોતરાં ખાંડે છે. ભેદજ્ઞાન વગરનું શાસ્ત્રભણતર તો પાણીને વલોવવા જેવું છે, બાપુ! રાગના વલોણામાંથી તને મોક્ષમાર્ગ હાથ નહિ આવે. રાગથી ભિન્ન પડેલી, ને ચૈતન્યસન્મુખ થયેલી એવી જ્ઞાનની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે; ને તે જ મહાવીર ભગવાનનો ઇષ્ટ ઉપદેશ છે.



# આત્મધર્મ - પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી

આત્મધર્મના પ્રચાર માટે બાલસાહિત્ય માટે જિજ્ઞાસુઓ વધુ ને વધુ રસ લઈ રહ્યા છે, તે આપણે આ કોલમમાં જોઈ શકીએ છીએ; ને તેથી આવી વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ આત્મધર્મનું લવાજમ વધાર્યા વગર આપણે માત્ર ચાર રૂપિયામાં તે આપી શકીએ છીએ, તે ગૌરવની વાત છે. આપણું આત્મધર્મ સમસ્ત જૈનપત્રોમાં 'સૌથી ઊંચું અને વળી સૌથી સસ્તું ' છે. હજી પણ એક પગલું આગળ જઈને આત્મધર્મના પાનાં વધારવાની ભાવના છે, ને તે માટે પણ જિજ્ઞાસુઓના સહકારની અપેક્ષા છે. આ સંબંધી એક યોજના પ્રમુખશ્રીની મંજુરીથી આગામી અંકમાં રજુ કરીશું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧ | ઝવેરીબેન મણિલાલ | સોનગઢ | ૨૫ | ધીરજબેન વછરાજ | રાજકોટ |
| ૨૧ | ઘેવરચંદ જસવંતકુમાર | ખેરાગઢ | ૨૫ | મુધકાન્તા ધીરજલાલ | રાજકોટ |
| ૨૫ | ગીરધરલાલ પ્રાણજીવન | જોરાવરનગર | ૧૫ | સ્મિતાબેન ધીરજલાલ | રાજકોટ |
| ૧૧ | કિરિટકુમાર મૂળજીભાઈ | – | ૧૧ | અનીલકુમાર ઠાકરશી | વઢવાણ |
| ૧૦૧ | પ્રકાશ મનસુખલાલ | કલકત્તા | ૨૫ | વિમલાબેન અમૃતલાલ | ઈડર |
| ૧૧ | દામોદરદાસ હંસરાજ | અમદાવાદ | ૨૧ | કુસુમબેન | ઈડર |
| ૧૧ | દર્શનાબેન હરકિશન | જામનગર | ૧૧ | ભરતકુમાર | – |
| ૧૧ | મુનિશ હરકીશન | જામનગર | ૨૫ | મુક્તાબેન ઉમેદલાલ | જામનગર |
| ૨૫ | રોહતકુમાર છબીલદાસ | રાજકોટ | ૧૧ | ચેતના ડગલી | મલાડ |
| ૨૫ | પ્રદીપકુમાર છબીલદાસ | રાજકોટ | ૨૫ | નીમુબેન કનુભાઈ | અમદાવાદ |
| ૧૧ | સ્મિતાબેન ભગવાનજી | જામનગર | ૫૧ | ચીમનલાલ છોટાલાલ | મુંબઈ |
| ૧૧ | સુકેતુ ભગવાનજી | જામનગર | ૨૫ | જસવંતરાય જમનાદાસ | મુંબઈ |
| ૨૫ | સુલોચના નાગરદાસ | જામનગર | ૫૧ | શ્રુતકુમાર કુમુદચંદ | મુંબઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | મંજુલાબેન ભાઈલાલ | – | ૫૧ | શારદાબેન અંબાલાલ | મુંબઈ |
| ૧૦૧ | નલીનકુમાર મનસુખલાલ | મુંબઈ | ૨૫ | રતિલાલ હરગોવિંદ મોદી | મુંબઈ |
| ૫૧ | નગીનદાસના સ્મરણાર્થે | | ૧૦૧ | નવીનકુમાર મનસુખલાલ | મુંબઈ |
| | હસ્તે–જગજીવન ચતુરભાઈ | સુરેન્દ્રનગર | ૨૫ | સ્મીતાબેન પાનાચંદ | મુંબઈ |
| ૧૧ | નિલાબાઈ | રામટેક | ૫૧ | હિંમતલાલ કેશવલાલ | ઘુઘરાળા |
| ૫૧ | તખતરાજ બનાજી | કલકત્તા | ૫૧ | જયંતિલાલ જાદવજી | કલકત્તા |
| ૧૦૧ | નગીનદાસ હીરાલાલ | ભાવનગર | ૨૧ | (ચંપાબેન) ચીમનલાલ રાયચંદ | વઢવાણ |
| ૨૫૧ | અજીતકુમાર ગૌતમલાલ | વડોદરા | ૨૫ | દીવાળીબેન હીરાચંદ | રાજકોટ |
| ૧૦૧ | ઉમેદલાલ ખીમચંદ | જામનગર | ૨૫ | ઈશ્વરચંદજી જૈન | સનાવદ |
| ૧૧ | મથુરદાસ મુળચંદ | પોરબંદર | | | |

(તા. ૮–૪–૭૪ સુધી)

## –: સૂચના :–

શ્રી પ્રતિષ્ઠા મહોત્સવની બોલીના કે તીર્થરક્ષાફંડ ખાતે દાનમાં નોંધાવેલ રકમોના ડ્રાફ્ટ નીચેના બે નામોમાંથી ગમે તે એક નામનો, બેન્ક ઓફ ઇન્ડીયા–સોનગઢ ઉપરનો, અગર ભાવનગરની ગમે તે બેન્ક ઉપરનો ડ્રાફ્ટ કઢાવીને મોકલવા વિનંતી છે.

(૧) શ્રી પરમાગમમંદિર પ્રતિષ્ઠા–મહોત્સવ સમિતિ

(૨) શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ

પ્રતિષ્ઠા–મહોત્સવનો હિસાબ બંધ કરવાનો છે, તેથી જેમણે પ્રતિષ્ઠા–મહોત્સવમાં રકમ જાહેર કરાવેલ હોય તેમણે તે રકમ જલ્દી મોકલી આપવા વિનંતી છે.

લી.

શ્રી પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

સોનગઢ.

---

આત્મધર્મના ગતાંકમાં ૧૧ બ્રહ્મચારીબહેનોનાં જે નામ છપાયા છે તેમાં કુમારી સુમિત્રાબેન ભાઈલાલ (S. S. C.) ને બદલે (B. A., B. Com.) વાંચવું.

# મંગલ મહોત્સવનાં મીઠાં સંભારણાં

સોનગઢમાં ફાગણ સુદ પાંચમથી તેરસ સુધી ઉજવાયેલ પરમાગમમંદિર પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવનું આનંદકારી વર્ણન આપે ગતાંકમાં વાંચ્યું, વાંચીને અનેક જિજ્ઞાસુઓ તરફથી પ્રસન્નતાના પત્રો આવ્યા છે. તે મહોત્સવનું બાકીનું વર્ણન આ અંકમાં આપ્યું છે. બાકી તો આ મહોત્સવ એટલો વિશાળ હતો ને એટલા બધા કાર્યક્રમથી ભરચક હતો કે એકલા હાથે તે બધાં પ્રસંગોની નોંધ લેવાનું શક્ય ન હતું, તેથી યત્કિંચિત વર્ણન આપી શકાયું છે. ગતાંકમાં આપણે મહાવીર–જન્મની મંગલવધાઈ વાંચી. જન્મવધાઈ સાંભળીને સ્વર્ગેથી ઇન્દ્રો આવી પહોંચ્યા. એ પ્રસંગનું વર્ણન આપ અહીં વાંચશો.

(જન્મકલ્યાણક ફાગણ સુદ ૯ ના દિવસે હતો.)

અહા, આજનું પ્રભાત કોઈ અનેરું હતું....આખા વિશ્વની શોભામાં જાણે એક વૃદ્ધિ થઈ ગઈ હતી...સંસારના દાવાનળને ઠારવા જાણે શાંતરસનો વરસાદ વરસી રહ્યો હતો. આનંદમય કોલાહલ ક્યાંય સમાતો ન હતો...શેનો છે આ પ્રભાવ! અહો! ચોવીસમા તીર્થંકર મહાવીર ભગવાનનો અવતાર થઈ ચુક્યો છે. ત્રણલોકમાં એની મંગલ વધાઈ પહોંચી ગઈ, ઇન્દ્રોના આસન ડોલી ઉઠયા, ઘંટનાદ અને વાજિંત્રો એની મેળે વાગવા માંડયા. ઇન્દ્રોએ ખુશી મનાવીને જન્મોત્સવ કર્યો, ને જન્માભિષેક માટે વૈશાલી કુંડપુરમાં આવ્યા....ઐરાવતસહિત નગરીને ત્રણ પ્રદક્ષિણા કરી. પચીસહજારથી વધુ સભા આ મંગલ દ્રશ્યો જોવા ઉભરાણી હતી.

તો આ બાજુ કુંડપુરમાં સિદ્ધાર્થમહારાજાની રાજસભામાં પણ આનંદનો પાર ન હતો. પ્રભુજન્મની મંગલ વધાઈથી ચારેકોર આનંદ–આનંદ છવાઈ ગયો હતો. રાજાઓ પોતાનો હર્ષાનંદ વ્યક્ત કરી રહ્યા હતા. આશ્ચર્યકારી આનંદમય કોલાહલથી નગરી ગાજી રહી હતી. તેમાંય જ્યારે શચી–ઇન્દ્રાણી નાનકડા તીર્થંકરને તેડીને બહારમાં આવ્યા ત્યારે તો પ્રભુને દેખીને હજારો ભક્તો હર્ષાનંદથી નાચી ઊઠયા; ઇન્દ્ર તો એવા ખુશ થયા કે હજાર આંખ કરીને પ્રભુને જોવા લાગ્યા. અંતે થાકીને તેણે કહ્યું–અહો દેવ!


આપનું રૂપ તો અતીન્દ્રિયઆંખવડે જ દેખાય તેવું છે. પ્રભુ ઐરાવત હાથી ઉપર બિરાજમાન થયા, ને પ્રભુની સવારી લઈને ઇન્દ્રો ધામધૂમથી મેરુ તરફ ચાલ્યા. પ્રભુની સવારી નીરખવા એટલી ભીડ ઉમટી પડી કે સોનગઢ ગામ સાંકડું પડતું હતું. સોનગઢને માટે, સૌરાષ્ટ્રને માટે અને જૈનસમાજને માટે આ ભવ્ય ઐતિહાસિક મહોત્સવ હતો. ભાગ્યશાળી છે એના જોનારા પણ.

પ્રભુના જન્મકલ્યાણકની આ ભવ્ય સવારી જોવા પૂ. ગુરુદેવ પણ પધાર્યા અને નગરના ચોક વચ્ચેથી પસાર થતી પ્રભુસવારી ભક્તિપૂર્વક નીહાળી; સવારી પસાર થતાં પોણી કલાક થઈ. અનેક ભજનમંડળી, બેન્ડ વાજાં, પાંચ પરમાગમ સહિત પાંચ હાથી, અજમેરનો રથ તથા ઐરાવત, સોનગઢનો રથ, તથા હાથી ઉપર ઇન્દ્રની ગોદમાં બિરાજમાન નાનકડા મહાવીર તીર્થંકરનું દ્રશ્ય દેખીને આનંદ થતો હતો. વીસ–પચીસ હજાર માણસોની ભીડ અને હર્ષભર્યો કોલાહલ ઉત્સવની પ્રસિદ્ધિ કરતા હતા. સોનગઢ ગામે આટલી ભીડ કદી જોઈ નથી. માનસ્તંભના ઉત્સવ વખતે છ હજાર મહેમાનો આવ્યા હતા, આ પરમાગમમંદિરના ઉત્સવ વખતે વીસહજાર ઉપરાંત મહેમાનો આવ્યા હતા; સારી નગરી પ્રભુના કલ્યાણક ઉત્સવથી છવાઈ ગઈ હતી, ઘરેઘરે તોરણ બંધાયા હતા, મંગલસૂત્રો લખાયા હતા, ને હજારો મંગલ દીવડાથી મકાનો અને મંદિરો ઝગમગી રહ્યા હતા. વાહ રે વાહ તીર્થંકર! તારી સ્થાપનાનો પણ આવો મહિમા, તો સાક્ષાત્ જન્મકલ્યાણકના પ્રભાવની તો શી વાત! આવો પ્રભાવશાળી ઉત્સવ દેખીને મુ. શ્રી રામજીભાઈ ગદગદભાવે ગુરુદેવ પ્રત્યે પ્રમોદ અને ઉપકારની લાગણી વ્યક્ત કરતા હતા, તથા ગુરુદેવ પણ પ્રસન્નચિત્ત હતા.

જન્મોત્સવ દેખીને જનતામાં એટલો બધો આનંદનો કોલાહલ થવા લાગ્યો કે પ્રભુનો જન્મોત્સવ દેખીને હરખથી જીવો પાગલ થઈ જશે કે શું!–એમ થતું હતું. અહા, એકકોર ભગવાનની અલિપ્ત ચેતના, અને એકકોર આ હરખનો હીલોળો,–જૈન શાસનમાં બંનેનો કેવો મજાનો આશ્ચર્યકારી સુમેળ છે! અહો જિનેન્દ્ર! તારા શાસનની અદ્ભુતતાને જ્ઞાની જ જાણે છે. પ્રભો! ચારેકોર માઈકમાં તારી ભક્તિથી દુનિયા ગાજી રહી છે ત્યારે તું તો તારી ચેતનાની શાંતિમાં મસ્ત થઈને બેઠો છે! વાહ રે વાહ! વીતરાગમાર્ગના ભગવાન તો આવા જ શોભેને!

વાહ! જેના જન્મે હર્ષનો આટલો ખળભળાટ! તે ભગવાન કેવા? હજી પરમાત્મપદ પામ્યા પહેલાં જે આત્માનો આટલો પ્રભાવ! તેના પરમાત્મપદના મહિમાની તો

શી વાત! આમ આનંદોત્સવપૂર્વક હજારો ભવ્યજીવો પ્રભુના જન્મોત્સવમાં ભાગ લઇ રહ્યા છે. નાની નગરીમાં મોટો ઉત્સવ થઇ રહ્યો છે. સ્વર્ગથી ઇન્દ્રો ઊતરી પડયા છે. પાંચ હાથી, પંચપરમેષ્ઠીની ભક્તિની મસ્તીથી ડોલી રહ્યા છે; "ભગવાનની સવારી મારા ઉપર" એવા મહાન ગૌરવથી પેલો હાથી એવો મસ્તાન બની ગયો છે...કે બસ! મારા ઉપર તીર્થંકરભગવાન બેઠા એટલે હું પણ મોક્ષ પામીશ! બે રથ અને ઐરાવત કહે છે કે–અમે ભલે અચેતન છીએ તોપણ ભગવાનના માર્ગમાં ચાલી રહ્યા છીએ, ને ભગવાનના માર્ગની શોભા વધારીએ છીએ. અરે, અચેતન–રથને પણ જિનમાર્ગનું આવું ગૌરવ! તો પછી ચેતનવંતા ભવ્યજીવની તો શી વાત!! બાલતીર્થંકરના અત્યંત મહિમાપૂર્વક, આત્મઅનુભૂતિવાળા ઇન્દ્રોએ પ્રભુનો જન્માભિષેક કર્યો,–સાથેસાથે હજારો ભક્તોએ આનંદથી તેમાં અનુમોદન કરીને પોતાનાં પાપોનો પણ અભિષેક કરી નાંખ્યો. સર્વત્ર આનંદ–આનંદ છવાઈ ગયો. શચીદેવી તો બાલતીર્થંકરને તેડીને ખુશખુશાલ થઈ ગઈ; કેમકે બાલતીર્થંકરને તેડતાં એને તો મોક્ષનો સિક્કો લાગી ગયો.



આમ અત્યંત આનંદપૂર્વક પ્રભુનો જન્માભિષેક થયો. પછી પ્રભુની સવારી જ્યારે નગરીમાં પાછી ફરતી હતી ત્યારે તે આનંદકારી સવારીમાં પૂ. બેનશ્રી–બેન (ચંપાબેન અને શાંતાબેન) પણ હાથી ઉપર બેસીને ભક્તિપૂર્વક ભાગ લેતા હતા. પ્રભુની સવારી દેખીને આનંદ થતો હતો, ને ઇન્દ્રો તાંડવનૃત્ય કરીને પોતાનો હર્ષ પ્રગટ કરતા હતા.

# ત્રિશલામાતા અને દેવીઓની ચર્ચા

**ત્રિશલામાતા અને પારણે ઝુલતા વીરકુંવર વચ્ચેની મીઠી વાતું આપણે ગતાંકમાં વાંચી. હવે દેવીઓ સાથે માતાજીની મધુરી ચર્ચા પણ વાંચીએ.**

એક દેવી પૂછે છે :–હે માતા! અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા તમારા અંતરમાં બિરાજે છે, તો એવી અનુભૂતિ કેમ થાય! તે સમજાવો.

માતા જવાબ આપે છેઃ–હે દેવી! અનુભૂતિનો મહિમા ઘણો ગંભીર છે. આત્મા પોતે જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે. તે જ્ઞાનની અનુભૂતિમાં રાગની અનુભૂતિ નથી; – આવું ભેદજ્ઞાન થાય ત્યારે અપૂર્વ અનુભૂતિ પ્રગટે છે.

બીજી દેવી પૂછે છે કેઃ–હે માતા! આત્માની અનુભૂતિ થતાં શું થાય!

માતા કહે છેઃ–સાંભળ, દેવી! અનુભૂતિ થતાં આખો આત્મા પોતે પોતામાં ઠરી જાય છે. એમાં અનંતગુણના ચૈતન્યરસનું એવું ગંભીર વેદન થાય છે કે જેના મહાન આનંદને આત્મા જ જાણે છે. એ વેદન વાણીમાં આવતું નથી.

ત્રીજી દેવી પૂછે છેઃ–માતા! વાણીમાં આવ્યા વગર એ વેદનની ખબર કેમ પડે!

માતા ઉત્તર આપે છેઃ–હે દેવી! પોતે પોતાના સ્વસંવેદનથી આત્માને તેની ખબર પડે છે. જેમ આ થાંભલો નજરે દેખાય છે, તેમ અનુભૂતિમાં આત્મા તેનાથી પણ સ્પષ્ટ જણાય છે.

ચોથી દેવી પૂછે છેઃ–હે માતા! આંખ વડે થાંભલો જણાય તેનાં કરતાંય આત્માના જ્ઞાનને વધુ સ્પષ્ટ કેમ કહ્યું!

માતા જવાબ આવે છેઃ–હે દેવી! થાંભલાનું જ્ઞાન તો ઇન્દ્રિયજ્ઞાન છે, તે પરોક્ષ છે, ને

આત્માને જાણનારું જ્ઞાન તો અતીન્દ્રિય છે અને પ્રત્યક્ષ છે, માટે તે વધારે સ્પષ્ટ છે.

પાંચમી દેવી પૂછે છે કેઃ – અનુભૂતિ વખતે તો મતિ–શ્રુતજ્ઞાન છે છતાં તેને પ્રત્યક્ષ અને અતીન્દ્રિય કેમ કહ્યા!

માતાજી જવાબ આપે છેઃ–કેમકે અનુભૂતિ વખતે ઉપયોગ આત્મામાં એવો લીન થયો છે કે તેમાં ઇન્દ્રિયનું કે મનનું અવલંબન છૂટી ગયું છે, તેથી તે વખતે પ્રત્યક્ષપણું છે. અહા, એ વખતના અદ્ભુત નિર્વિકલ્પ આનંદની શી વાત!

છઠ્ઠી દેવી પૂછે છે કેઃ–હે માતા! તમે અનુભૂતિની અદ્ભુત વાત સમજાવી. આજે તો જાણે તમારા અંતરમાંથી કોઈ અલૌકિક ચૈતન્યરસ ઝરી રહ્યો છે!

માતા કહે છેઃ–દેવી! અંતરમાં બિરાજમાન તીર્થંકરના આત્માનો એ પ્રતાપ છે. પ્રભુ પધાર્યા ત્યારથી મારા આત્મપ્રદેશોમાં અતીન્દ્રિય આનંદરસ છવાઈ ગયો છે.

સાતમી દેવી કહે છે કેઃ–અહા, માતા! અમને તો લાગે છે કે પંદર માસ આપની સેવા કરતાં–કરતાં અમને પણ અનુભૂતિનો મહાન લાભ થશે. આપના પુત્રને દેખીને અને ગોદમાં લઈને અમે ધન્ય બનશું.

માતા કહે છેઃ–હા દેવીઓ! જગતના જીવોને અનુભૂતિનો માર્ગ બતાવવા માટે જ મારા પુત્રનો અવતાર છે. તમે પણ મહાભાગ્યશાળી છો કે તીર્થંકરની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

આઠમી દેવી પૂછે છેઃ–હે મા! છ– છ માસથી અહીં રાજમહેલમાં કરોડો રત્નો વરસી રહ્યા છે, રસ્તામાં એ રત્નોનાં ઢગલા પડયા છે,–છતાં કોઈ તેને લેતું કેમ નથી!

માતા કહે છેઃ–દેવી! એ રત્નો તો જડ છે. મારો પુત્ર જન્મીને જગતને સમ્યગ્દર્શન જ્ઞાન –ચારિત્રનાં ચૈતન્યરત્નો આપવાનો છે...તો એ અલૌકિક ચૈતન્યરત્નો છોડીને આ જડ–રત્નો કોણ લ્યે! જગતના જીવો તો મારા પુત્ર પાસેથી સમ્યગ્દર્શનાદિ રત્નો ગ્રહણ કરશે.

બધી દેવીઓ આનંદથી કહે છેઃ–

“ધન્ય રત્નકૂંખધારિણી માતા! તમારો જય હો....તમારા પુત્રનો જય હો.”

જય મહાવીર

# દેવગુરુધર્મની છાયામાં આનંદથી પૂરો થયેલો મહાન ઉત્સવ

અહો, જગતને ચૈતન્યહિતનો પરમ ઇષ્ટ સંદેશ દેનારા એવા જિનેન્દ્રભગવંતોનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આનંદ–ઉલ્લાસથી આપણે સૌએ ઉજવ્યો. પ્રભુના પંચકલ્યાણકનો મહોત્સવ એટલે સર્વે જીવોને માટે શાંતિનો મહોત્સવ. શાંતિનો આ મહોત્સવ ખરેખર અનેરી શાંતિપૂર્વક ઉજવાયો. જગત જ્યારે ભડકે બળતું હતું ત્યારે વીતરાગદેવની છાયામાં આવેલા ભવ્યજીવો સુવર્ણપુરીમાં અનેરી ઠંડક અનુભવતા હતા.

આપણા જિનેન્દ્રભગવંતો તો ચૈતન્યની અતીન્દ્રિય શાંતિરૂપે પરિણમેલા છે. જેમ ઠંડકના પિંડરૂપ બરફની નજીક પણ ઠંડક લાગે છે તેમ અતીન્દ્રિય શાંતિના પિંડલા એવા દેવ–ગુરુની નીકટતામાં આપણે પણ એવી ઠંડક અનુભવીએ છીએ. અહો, મહા ભાગ્ય છે કે જગતમાં શ્રેષ્ઠ એવા જિન ભગવાન આપણને મળ્યા, ને એ ભગવાનનો માર્ગ શ્રી ગુરુદેવે આપણા માટે ખુલ્લો કર્યો. આવો રે આવો! જગતના બધા જીવોને માટે આ મંગલ–માર્ગ ખુલ્લો છે.

અહો કુંદકુંદપ્રભુ ભગવાન! કહાનગુરુ દ્વારા આપનું શાસન આજે પરાકાષ્ટાએ પહોંચી રહ્યું છે. અસંકુચિતપણે વિકસી રહેલું આપનું શાસન જોતાં અમને મહાન આનંદ થાય છે, ને વિદેહધામની એ મંગલવાત યાદ આવે છે કે ‘આ રાજકુમારના જીવ ભરતક્ષેત્રમાં જશે ને કુંદકુંદાચાર્યના શાસનની મહાન પ્રભાવના કરશે. ’

ફાગણ સુદ ૧૩....એટલે અષ્ટાહ્નિકાનો શાશ્વત મંગલ દિવસ! વહેલી સવારમાં પાવાપુરીમાં બિરાજમાન વર્ધમાનતીર્થંકરના દર્શન કર્યા....સંસારદશામાં પ્રભુના આ છેલ્લા દર્શન હતા...થોડી જ વારમાં પ્રભુ દેહાતીત એવા સિદ્ધપદને પામ્યા. ઇન્દ્રોએ મોક્ષકલ્યાણક ઉજવ્યો.

અહો! જિનેન્દ્રભગવંતોના પંચકલ્યાણક પૂર્ણ થયા. ભગવંતોના કલ્યાણકારી ધર્મચક્રથી સર્વત્ર શાંતિ પ્રસરી. જગતના મહાન કોલાહલની વચ્ચેય સોનગઢમાં જિનભગવંતોના ચરણમાં પરમ શાંતિ વર્તતી હતી.

પંચકલ્યાણક પૂરા થયા ને ઇન્દ્રો વગેરે સીમંધરપ્રભુના દર્શન કરવા જિનમંદિરમાં આવ્યા, તે વખતે જિનમંદિરમાં ભક્તોની ભીડ બેસુમાર હતી. સાત–સાત દરવાજા ધરાવતું વિશાળ મંદિર તે પણ આજે તો ઘણું નાનું લાગતું હતું. આખું સોનગઢગામ ચારેકોર દર્શકોની ભીડથી ઉભરાતું હતું. ઉત્સવની પૂર્ણતાનો આનંદ સર્વત્ર ફેલાઈ રહ્યો હતો.

૮ા વાગે ગુરુદેવનું પ્રવચન થયું. ત્યાર પહેલાં ઈંગ્લીશ ભાષામાં જૈન બાળપોથીનું પ્રકાશન થયું. માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરીએ ગુરુદેવને પુસ્તક અર્પણ કર્યું. ત્યારબાદ ગુરુદેવે પ્રથમ પુસ્તક શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહૂને આપ્યું. આ બાળપોથીની કુલ નકલ ૧૩૦૦૦ (પાંચ ભાષામાં) પ્રકાશીત થઈ ગઈ છે. જૈન સાહિત્યનું આ એક ગૌરવ છે; અને તેની ખુશાલીમાં પ્રમુખશ્રીના હસ્તે બાળપોથીના લેખક (બ્ર. હરિભાઈ જૈન) ને સુવર્ણચંદ્રક ભેટ આપવામાં આવ્યો છે.

ત્યારબાદ આ ભવ્ય પરમાગમમંદિરના કામકાજમાં મુરબ્બી શ્રી રામજીભાઈએ ૯૧ વર્ષની ઉંમરે પણ જે માર્ગદર્શન આપ્યું છે, ને નાના–મોટા દરેક પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવીને પરમાગમ–મંદિરનું કામ અત્યંત સુંદર રીતે પૂર્ણતાએ પહોંચાડયું છે–તે બદલ જૈનસમાજ તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને પરમાગમમંદિરની એક સુંદર પ્રતિકૃતિ અભિનંદન પત્ર સાથે શ્રીમાન શાંતિપ્રસાદજી શાહૂના હસ્તે તેઓશ્રીને અર્પણ કરવામાં આવી હતી. ખરેખર મુરબ્બીશ્રી રામજીભાઈની દોરવણીમાં સમસ્ત મુમુક્ષુઓએ તમન્નાથી પરમાગમમંદિરનું કામ પાર પાડયું છે, ને ગુરુદેવના મંગલ પ્રતાપે ઉત્સવ પણ ધાર્યા કરતાં સવાયા ઉમંગથી ઉજવાયો છે.

ફાગણ સુદ તેરસે બરાબર ૧૧ વાગે પરમાગમમંદિરમાં પ્રતિષ્ઠા થઈ. ગુરુદેવે અત્યંત ભક્તિપૂર્વક મહાવીર ભગવાનના અતિશય ભવ્ય જિનબિંબના ચરણસ્પર્શ કરીને કમલ પર સ્થાપના કરી. અહા, શો એ વખતનો ઉલ્લાસ! કેવી ભીડ! ને ચારેકોર હર્ષનો કેવો કોલાહલ! આકાશ પણ હેલિકોપ્ટરના અવાજથી ગાજતું જાણે કે ભક્તિના કોલાહલમાં ઉમેરો કરી રહ્યું હતું. પ્રભુજીને સ્થાપના કરવાનો લાભ જયપુરના પુરનચંદજી ગોદિકાએ લીધો હતો. પ્રભુની સ્થાપના પછી એમની પ્રશાંત મુદ્રા નીહાળ્યા જ કરવાનું મન થતું હતું. તે પ્રશાંતમુદ્રા પ્રસિદ્ધ કરતી હતી કે ચૈતન્યની શાંતિમાં સંસારનો કોઈ કોલાહલ નથી. એટલે ભગવાનની સ્થાપનાના બહાને મુમુક્ષુઓ પોતાના અંતરમાં ચૈતન્યની શાંતિની જ સ્થાપના કરતા હતા,–એવા એ વખતના ભાવો હતા.

અહા, આજે સોનગઢમાં માણસોની અપાર ભીડ હતી. ભગવાનની પ્રતિષ્ઠાની ખુશાલીમાં "ગામ–ધૂમાડો બંધ" ના ઢોલ પીટાઈ રહ્યા હતા. પ્રભુની પ્રતિષ્ઠા પછી પાંચે પરમાગમોનું ઉદ્ઘાટન, કુંદકુંદપ્રભુના ચરણોની સ્થાપના, ૧૯ કલશ તથા ધ્વજારોહણ થતાં પરમાગમમંદિર અદ્ભુતપણે શોભી ઊઠયું. ઉજ્વળ પરમાગમ–મંદિર જાણે કે સ્વયં પોકાર કરી રહ્યું છે કે અહો જીવો! જગતના સર્વોત્કૃષ્ટ દેવ, જગતના સર્વોત્કૃષ્ટ ગુરુ ને જગતના સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર અહીં મારી અંદર બિરાજે છે...તેથી હું પણ સર્વોત્કૃષ્ટ અને ઉજ્વળ છું. અહીં આવો, ને આ ઉત્કૃષ્ટ દેવ–ગુરુ–શાસ્ત્રને ઓળખીને તમારા જ્ઞાનમાં તેને બિરાજમાન કરો, એટલે તમારા પરિણામ પણ ઉજ્વળ (સમ્યક્ત્વાદિરૂપ) થશે. આવા ઉજ્વળ પરિણામના હેતુભૂત આ પંચકલ્યાણક મંગલ મહોત્સવ જયવંત વર્તો.


બપોરે પ્રવચન બાદ ભવ્ય રથયાત્રા નીકળી હતી, ને સંપૂર્ણ શાંત, હર્ષ–ઉલ્લાસભર્યા આનંદમય વાતાવરણ વચ્ચે, નિર્વિઘ્નપણે ગુરુપ્રતાપે મંગલ મહોત્સવ પૂર્ણ થયો....તે જગતનું કલ્યાણ કરો.

જય મહાવીર!





જય શાંતિનાથ!

**જય સીમંધર! જય કુંદકુંદદેવ! જય ગુરુદેવ! જય પરમાગમ!**




આકાશમાંથી લેવાયેલા આ ચિત્રમાં નીશાની કરી છે ત્યાં ભાનુવાડીના મોટા મેદાન વચ્ચે મેરુપર્વત છે, તેની આસપાસ પચીસહજારથી વધુ માણસો જન્માભિષેક નીહાળી રહ્યા છે. સૌથી નીચે મહેમાનો માટેના તંબુઓ તથા વિશાળ પ્રતિષ્ઠા–મંડપ નજરે પડે છે.

વીરપ્રભુનાં પારણાઝુલનનાં પાવન દ્રશ્યોઃ ગુરુદેવ પ્રસન્નતાથી નીહાળી રહ્યા છે.



પારણે ઝુલી રહેલા વીરકુંવર કહે છે–

માતા મારી મોક્ષસાધિકા ધન્ય ધન્ય છે તુજને; તુજ હૈયાની મીઠી આશીષ...
વહાલી લાગે મુજને...માતા! દરશન તારા રે જગતને આનંદ કરનારા.

( ફોટો : વિજય સ્ટુડિયો : મોરબી )




બેટા, તું તો સ્વાનુભૂતિની મસ્તીમાં નિત મહાલે...હીંચોળું હીરલાંની દોરે...
ઉરનાં વહાલે–વહાલે...બેટા! જન્મ તુમારો રે જગતનું મંગલ કરનારો.

( ફોટો : વોરા સ્ટુડિયો : અમદાવાદ )

## * પારણા ઝુલનનાં પાવન દ્રશ્યો *





પરમાગમ-મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે મુ. શ્રી રામજીભાઈ, નવનીતભાઈ ઝવેરી, શ્રોફ, વગેરે પારણાઝુલનનું દ્રશ્ય નીહાળી રહ્યા છે તથા માતા-પુત્રની આનંદકારી વાતો સાંભળી રહ્યા છે; ને જાણે કે ત્રિશલામાતાના રાજમહેલમાં મહેમાન તરીકે બેઠા હોય-એવી પ્રસન્નતા અનુભવી રહ્યા છે.



હેલિકોપ્ટરમાં બેસીને અત્યંત ભાવભીના ચિત્તે પૂ. બેનશ્રી–બેન મંદિરો ઉપર પુષ્પવૃષ્ટિ કરવા માટે જઈ રહ્યા છે. બન્ને બહેનો વાત કરતાં મહિમા કરે છે કે અહો! જેણે આપણને સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો એવા વીરનાથ ભગવાન અને તેમની વાણી આ પરમાગમ–મંદિરમાં બિરાજી રહ્યા છે....ચાલો, તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરીએ....સાથે સાથે વહાલા વિદેહીનાથ સીમંધરપ્રભુના મંદિર અને માનસ્તંભને પણ પુષ્પોથી વધાવીએ. (મહાવીર ફોટોઆર્ટ)



સોનગઢ પરમાગમ–મંદિર મહોત્સવમાં દીક્ષાકલ્યાણક પ્રસંગે ચારિત્રઆશ્રમમાં ૨૫–૩૦ હજારની સભાને, ગુરુદેવ મુનિદશાના પરમ મહિમાપૂર્વક વીતરાગચારિત્રની ભાવનામાં ઝુલાવી રહ્યા છે. અહા! અવ્યક્તપણે પણ વીતરાગતા જગતને કેવી વહાલી છે! તે આ દ્રશ્યમાં દેખાઈ રહ્યું છે. વીતરાગમાર્ગ જયવંત છે.





ફાગણ સુદ ૧૩ ના રોજ સોનગઢમાં પરમાગમ-મંદિરનું ઉદ્‌ઘાટન (ઓલઇન્ડીઆ દિ. જૈન ૨૫૦૦ મા મહાવીર નિર્વાણ-મહોત્સવ કમિટિના પ્રમુખશ્રી) શાહૂ શાંતિપ્રસાદજી જૈન કરી રહ્યા છે, બાજુમાં ગુરુદેવ પ્રસન્નચિત્તે આશીર્વાદ આપી રહ્યા છે. પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરી તથા એન્જીનીયર શ્રી ચીમનભાઈ શેઠ વગેરે ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : ચૈત્ર (૩૬૬)